સુવિચાર
ઘરનાં સભ્યોનો સ્નેહ ડોક્ટરની દવા કરતાંય વધુ લાભદાયી હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


સમેત શિખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પતિએ કરેલા ફાયરીંગમાં ઘવાયેલી પત્નીએ હોસ્પિટલના બિછાને દમ તોડ્યો P-4

Year-16, Issue-183 ■ DATE : 17-11-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સાઉદી અરબમાં ગમખ્વાર બસ અકસ્માતમાં ૪૨ ભારતીયોના મોત





## મક્કાથી મદીના જઈ રહેલી શ્રદ્ધાળુઓની બસ ડીઝલ ટેન્કર સાથે અથડાતા આગ લાગીઃ મૃતકોમાં ૨૦ મહિલાઓ અને ૧૧ બાળકોનો સમાવેશઃ ભારતીય દુતાવાસ એકશનમાંઃ હેલ્પલાઈન નંબર ૮૦૦૨૪૪૦૦૦૩ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, રિયાધ**

સોમવારે મોડી રાત્રે સાઉદી અરેબમાં થયેલા રોડ અકસ્માતમાં ૪૨ ભારતીયોનાં મોત થયા હતા. મક્કાથી મદીના જઈ રહેલી બસ ડીઝલ ટેન્કર સાથે અથડાઈ હતી અને તેમાં ભીષણ આગ લાગી હતી. મૃતકોમાં ૨૦ મહિલાઓ અને ૧૧ બાળકોનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં માત્ર ડ્રાઈવર જ બચી ગયો હતો.

મોટાભાગના મૃતકો હૈદરાબાદના હોવાનું કહેવાય છે. આ અકસ્માત મદીનાથી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર મુહરાસ નજીક ભારતીય સમય મુજબર આશરે ૧૩૦ વાગ્યે થયો હતો. તે સમયે ઘણા મુસાફરો સૂઈ રહ્યા હતા અને તેમને બસમાંથી બહાર નીકળવાની તક જ મળી નહીં.

તેલંગાણા સરકારે કહ્યું કે તેઓ રિયાધમાં ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્કમાં છે. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ દિલ્હીમાં હાજર અધિકારીઓને દૂતાવાસ સાથે સંપર્કમાં રહીને પીડિતોની ઓળખ કરવા અને અન્ય તમામ મદદ કરવા નિર્દેશ આપ્યો છે.

જેદ્દાહ સ્થિત ભારતીય દૂતાવાસે એક હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. ''સાઉદી અરેબિયાના મદીના નજીક ભારતીય ઉમરાહ યાત્રાળુઓ સાથે થયેલા દુખદ બસ અકસ્માતને ધ્યાનમાં રાખીને, દૂતાવાસે જણાવ્યું હતું કે, જેદ્દાહમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ ખાતે ૨૪૭ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. હેલ્પલાઈન નંબર ૮૦૦૨૪૪૦૦૦૩ છે.

આ ઘટના બાદ, તેલંગાણા સરકારે પરિવારો તેમના પ્રિયજનો વિશે માહિતી મેળવી શકે તે માટે સચિવાલયમાં એક કંટ્રોલ રૂમ બનાવ્યો છે. પરિવારના સભ્યો નીચેના નંબરો પર સંપર્ક કરી શકે છે ૭૯૯૭૯-૫૯૭૫૪ અને ૯૯૧૨૯-૧૯૫૪૫

હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સાઉદી અરેબિયામાં ભારતીય ઉમરા યાત્રાળુઓનો બસ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઓવૈસીએ ફોન પર ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા કહ્યું કે તેમણે હૈદરાબાદમાં બે ટ્રાવેલ એજન્સીઓનો સંપર્ક કર્યો છે અને મુસાફરોની વિગતો રિયાધમાં ભારતીય દૂતાવાસ સાથે શેર કરી છે.


તેમણે રિયાધમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન અબુ મૈથન જ્યોર્જ સાથે પણ વાત કરી. જ્યોર્જે તેમને માહિતી આપી કે સ્થાનિક અધિકારીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં અપડેટ આપવામાં આવશે.

''હું કેન્દ્ર સરકારને, ખાસ કરીને વિદેશ મંત્રી જયશંકરને અપીલ કરું છું કે તેઓ મૃતદેહોને ભારત પાછા લાવે અને ઘાયલોને જરૂરી મેડિકલ સારવાર પૂરી પાડે.''

વિદેશ મંત્રી એસ. જયશંકરે સાઉદી અરેબિયામાં થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. જયશંકરે કહ્યું, ''મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલા અકસ્માતથી ભારે આઘાત લાગ્યો છે.'' રિયાધમાં અમારું દૂતાવાસ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને તેમના પરિવારોને સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યું છે.

હૈદરાબાદના રહેવાસી મોહમ્મદ તહસીને ANIને જણાવ્યું કે સાઉદી બસ અકસ્માતમાં તેમના પરિવારના ૭ સભ્યોના મોત થયા છે. તહસીને કેન્દ્ર સરકારને મૃતદેહોને ભારત પાછા લાવવા વિનંતી કરી છે.

ઉમરાહ વર્ષના કોઈપણ દિવસે કરી શકાય છે અને તેની કોઈ ચોક્કસ તારીખ નથી. ઉમરાહ ફર્જ નથી, પરંતુ મક્કા અને મદીનાની હજયાત્રાનું ટૂંકું સ્વરૂપ છે, જે કોઈપણ મુસ્લિમ ગમે ત્યારે, ગમે તેટલી વખત કરી શકે છે.







# ગાંધીનગરમાં મેગા ડિમોલિશનઃ ૭૦૦ દબાણો પર બુલડોઝર ફરી વળ્યું



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગરઃ અહીં મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્યના માર્ગ-મકાન વિભાગ દ્વારા પેથાપુર વિસ્તારમાં એક મોટું દબાણ હટાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સાબરમતી નદીના કિનારે સરકારી જમીન પર ઉભા કરાયેલા ૨ ધાર્મિક સ્થળો સહિત સાતસોથી વધુ ગેરકાયદે બાંધકામોને તોડી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં એક હજાર કરોડ રૂપિયાની કિમતની એક લાખ ચોરસ મીટર જમીન ખાલી કરાવવામાં આવી હતી.

પાટનગર ગાંધીનગરના પેથાપુર વિસ્તારમાં સરકારી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો વિરુદ્ધ તંત્ર દ્વારા સખત કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને માર્ગ-મકાન વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરી સાબરમતી નદીના કાંઠે થયેલા મોટાપાયે દબાણો દૂર કર્યા હતા.

આ મેગા ડિમોલિશન ડ્રાઈવ માટે સાતસોથી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વહીવટીતંત્રે દસથી વધુ જેસીબી મશીનોની મદદથી ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા કાચા-પાકા મકાનો, દુકાનો અને અન્ય સ્ટ્રક્ચર સહિત કુલ સાતસોથી વધુ બાંધકામો તોડી પાડ્યા હતા.

# બાંગ્લાદેશમાં ફરી હિંસા ફાટી નિકળીઃ ઢાકા સહિત અનેક શહેરોમાં તોફાનો

### શૂટ-એટ-સાઈટના ઓર્ડરઃ દેખાવકારો અને સુરક્ષા જવાનો વચ્ચે અથડામણ



**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામેના ચુકાદા પૂર્વે આજે પાટનગર ઢાકા સહિતના શહેરોમાં ભયાનક હિંસા ફાટી નીકળી હતી જેને પગલે શુટ એટ સાઈટના ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા. તોફાન-હિંસા દરમ્યાન શ્રેણીબદ્ધ બોંબધડાકા પણ થયા હતા. ભય-દહેશતનો માહોલ સર્જાયો હતો.

બાંગ્લાદેશમાં સતા પરિવર્તન સર્જનારી હિંસાને હજુ માડ એક વર્ષ થયુ છે. ત્યાં આજે ફરી ભયાનક તોફાનો ફાટી નીકળ્યા હતા. ભુતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામેના કેસમાં આજે ટ્રીબ્યુનલનો ચુકાદો છે તે પુર્વે જ તોફાનો શરૂ થઈ ગયા હતા.

ઢાકામાં અનેક સ્થળોએ ક્રુડ બોંબના ધડાકા ઉપરાંત સુરક્ષા જવાનો તથા દેખાવકારો વચ્ચે ઠેકઠેકાણે અથડામણ થઈ હતી જેને પગલે શુટ સાઈટના ઓર્ડર જારી કરી દેવામાં આવ્યા હતા. બોંબ ધડાકામાં જાન્યુઆરીની વિગતો જાહેર થઈ નથી પરંતુ સમગ્ર પાટનગર ધ્રુજી ઉઠયુ હતું અને હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

પાટનગર ઢાકા ઉપરાંત દેશના અન્ય અમુક શહેરોમાં પણ બોંબ બ્લાસ્ટ તથા વાહનો-ઈમારતોમાં આગજનીનાં બનાવો બન્યા હતા. વચગાળાની સરકારના સલાહકાર સૈયદ રિઝવાનનાં નિવાસસ્થાનની બહાર પણ બે બોંમ ધડાકા થયા હતા.

આ સિવાય પોલીસ સ્ટેશન સંકુલમાં પાર્ક કરાયેલી બસો સહિતના વાહનો સળગાવી દેવામાં આવ્યા હતા.તેમા કચરા ડમ્પીંગ સ્થળમાં પણ આગ લગાડવામાં આવી હતી.

મેટ્રોપોલીટન પોલીસવડા સજાન અલીએ તોફાનીઓ દેખાવકારો પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો. હિંસા તથા પોલીસની કામગીરીને પગલે દેશમાં ફરી અરાજકતા સર્જાવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં ગત વર્ષે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીના સામે આંદોલન થયુ હતું. અને જોતજોતામાં હિંસક બની ગયુ હતું. જેને પગલે શેખ હસીના પદભ્રષ્ટ થયા હતા. તેઓ ગુપચુપ ભારત આવી ગયા હતા અને ભારતમાં આશરો લીધો હતો ૧૫ જુલાઈથી ઓગસ્ટ દરમ્યાન આ હિંસામાં ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા.

# ધોરાજીમાં તસ્કરોએ મોટો હાથફેરો કરતા હાહાકાર

### એક સાથે ૧૨ કારખાનામાં ત્રાટકી તાળા તોડી દલ્લો ઉઠાવી ગયા



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીના જુનાગઢ રોડ પર આવેલ ૧૨ જેટલા કારખાનાઓમાં ત્રાટકી તસ્કરો મોટો હાથફેરો કરી જતા હાહાકાર મચી જવા પામી છે. આ ઘટનામાં બુકાનીધારી ચાર તસ્કરોની ટોળી સીસીટીવી કેમેરામાં કેદ થઇ જવા પામી છે.

શહેરમાં જે ૧૨ કારખાનાઓને તસ્કરોએ નિશાન બનાવેલ છે. તેમાં ૧૧ કારખાનાઓ પ્લાસ્ટીકના છે કેમેરામાં કેદ થયેલી તસ્કર ટોળીએ આ ઘટનામાં કારખાનાઓમાં તોડફોડ કરી હાથ માર્યો હતો.

આ ઘટનાની જાણ થતા જ પોલીસે તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી તપાસ શરૂ કરી છે. આ અંગેની સિલસિલાબંધ વિગતો એવી છે કે તસ્કરોએ સૌપ્રથમ રજવાડી પાણીના કારખાનામાં હાથ મારી રૂા. ૧૫ હજારની રકમ ઉસેડી લઇ કારખાનામાં તોડફોડ કરી હતી.

ત્યારબાદ ગોકુલ પ્લાસ્ટીકમાં અંદાજીત ૪૦,૦૦૦ની ચોરી કરી તોડફોડ કરેલ તેમજ નીલેશ પોલીમર્સમાં તોડફોડ કરી છે જે બાદ મોસમ પ્લાસ્ટીકમાંથી ૭૦૦૦ની ચોરી, યુનિક પ્લાસ્ટિકમાંથી ૫૦૦૦ની ચોરી, કે.કે.પોલીમર્સ અને અર્જુન પ્લાસ્ટીકમાં ભાંગફોડ કરાયેલ છે.

આ ઉપરાંત ઓમસાંઇ પોલીપેકમાંથી પણ તસ્કરો ૩૦,૦૦૦ની રોકડ ઉઠાવી ગયા છે. તેની સાથોસાથ જેનરી એન્ટરપ્રાઇઝ, સુમીત પોલીમર્સ, શ્રી ઇન્ડસ્ટ્રીઝ અને ખોડલ એમ્પાર નામના કારખાનાઓમાં પણ તોડફોડ તસ્કરોએ કરી છે.

આમ કુલ શહેરના જુનાગઢ રોડ પરના ૧૨ જેટલા કારખાનાઓને નિશાન બનાવી તસ્કરો દલ્લો ઉઠાવી ગયા છે. આ ઘટનાની જાણ થતા પ્લાસ્ટીક એસો.ના પ્રમુખ દલસુખભાઇ વાગડીયાએ જણાવ્યું હતું કે, પોલીસે જુનાગઢ તંત્ર પર પોલીસ પેટ્રોલીંગ વધારવું જોઇએ આ ઘટના રાત્રીના દોઢ વાગ્યાની આસપાસ બની હતી. જોકે ચોરી કરનાર ચાર તસ્કરોની ટોળી સીસીટીવી કેમેરામાં કેદ થઇ જવા પામી છે.

આ ઘટનામાં પોલીસ ફરિયાદ થતા જ તસ્કર ટોળીને દબોચી લેવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનામાં તસ્કરોએ કારખાનામાં રાખેલ દાનપેટીની પણ તોડફોડ કરી રોકડ ઉઠાવી ગયા હોવાનું ખુલ્યુ છે.

# બિહારમાં એનડીએની નવી સરકારનો શપથગ્રહણ સમારોહ ૨૦મીએ યોજાશે

## નીતિશ કુમારે આપ્યું રાજીનામુંઃ ૧૯ નવેમ્બરે બિહાર વિધાનસભા ભંગ કરાશે



**મુખ્ય સમાચાર, પટણા**

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં એનડીએએ સપાટો બોલાવ્યા બાદ હવેનવી સરકારની રચના કરવાની પ્રક્રિયા ઝડપી બનાવાઈ છે. એનડીએની નવી સરકારનો શપથગ્રહણ સમારોહ ૨૦ નવેમ્બરે પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં યોજાશે.


નીતિશ કુમારે રાજભવન પહોંચીને મુખ્યમંત્રી પદેથી રાજીનામુ રાજ્યપાલને સુપરત કરી દીધું છે. હવે ૧૯ નવેમ્બરે બિહાર વિધાનસભા ભંગ કરશે. ત્યારબાદ નવા મુખ્યમંત્રી તરીકે સતત ૧૦મી વખત તેઓ સીએમ પદના શપથ લઈ શકે છે.

નીતીશ કુમારના નેતૃત્વમાં કેબિનેટ બેઠક પૂર્ણ થઈ ગઈ છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર હવે રાજ્યપાલને મળવા અને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું સુપરત કરવા રાજભવન પહોંચ્યા છે.

મુખ્યમંત્રી પદ માટે નીતિશ કુમારના નામ પર આવતીકાલે મોહર વાગી શકે છે. કેમ કે તારીખ મુલતવી રાખવામાં આવી છે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠક, જે પહેલા ૧૮ નવેમ્બરે યોજાવાની હતી, હવે તે ૧૯ નવેમ્બરે યોજાશે. દિલીપ જયસ્વાલના નિવેદન બાદ, એવું માનવામાં આવતું હતું કે ભાજપ વિધાનસભા પક્ષ નવા નેતાની પસંદગી કરશે અને ત્યારબાદ પાર્ટી તેના સાથી પક્ષોને મુખ્યમંત્રી પદ માટે નીતિશ કુમારને સમર્થન આપવાનો ઔપચારિક પત્ર સુપરત કરશે. પરંતુ હવે રાહ જોવાનો સમય લંબાવવામાં આવ્યો છે.

આ ભવ્ય સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપવાના છે. ઉલ્લેખનીય છે કે એનડીએએ ૨૪૩ બેઠકોમાંથી ૨૦૨ બેઠક જીતીને ઐતિહાસિક બહુમતી પ્રાપ્ત કરી હતી જેમાં ભાજપને ૮૯, જેડીયુને ૮૫, એલજેપીને ૧૯ અને અન્ય પક્ષોને ૯ બેઠકો મળી હતી.

# આરજેડીના સુપ્રીમો લાલુનાં પરિવારમાં ધમાસાણઃ ૩ પુત્રીઓએ ઘર છોડયું



**મુખ્ય સમાચાર, પટણા**

બિહારનો સૌથી મોટો રાજકીય પરિવાર હાલમાં ગંભીર કૌટુંબિક વિવાદનો સામનો કરી રહ્યો છે. આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યએ તેમના ભાઈ તેજસ્વી યાદવ અને તેમના નજીકના સાથીઓ પર ગંભીર આરોપો લગાવ્યા બાદ આ મામલો વધુ વકરતો જાય છે. રોહિણીના આરોપોથી પાર્ટીમાં અસંતોષ વધી રહ્યો છે અને નેતૃત્વ શૈલી પર પ્રશ્નો ઉભા થયા છે. રોહિણી પટણા છોડીને સિગાપોર ગઈ છે. રોહિણીના ગયા બાદ લાલુ યાદવની વધુ ત્રણ પુત્રીઓ પરિવારનું ઘર છોડીને ગઈ છે.રવિવારે રાગિણી, અનુષ્કા અને હેમા પટનાથી દિલ્હી જવા રવાના થયા.

જ્યારે એ સ્પષ્ટ નથી કે ત્રણેય બહેનો પૂર્વનિર્ધારિત યોજનાના ભાગ રૂપે પટણા છોડીને ગયા હતા કે વિવાદ પછી આ નિર્ણય લીધો હતો, તેમના જવાના સમય અંગે અટકળો ચાલી રહી છે. ત્રણ બહેનોમાંથી બે બહેનોના લગ્ન રાજકીય પરિવારમાં થયા છે.

લાલુ પ્રસાદ યાદવની ચોથી પુત્રી રાગિણી યાદવના લગ્ન ઉત્તર પ્રદેશના એક રાજકીય પરિવારમાં થયા છે. તેમના સસરા જીતેન્દ્ર યાદવ કોંગ્રેસ પાર્ટીના સભ્ય હતા અને હવે સમાજવાદી પાર્ટીના નેતા છે. તેઓ ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. તેમના પતિ રાહુલ યાદવે પણ સમાજવાદી પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી છે.

હેમા યાદવ લાલુ પ્રસાદ યાદવની પાંચમી પુત્રી છે. તેમના પતિ વિનીત યાદવ પણ રાજકીય પરિવારમાંથી આવે છે. હેમા યાદવે માંથી એન્જિનિયરિગની ડિગ્રી મેળવી છે. નોકરી માટે જમીન કૌભાંડમાં સીબીઆઈના ચાર્જશીટમાં હેમા યાદવનું નામ પણ છે.

# સૌરાષ્ટ્ર બન્યું ઠંડુગારઃ નલિયામાં ૧૦.૮, અમરેલીમાં ૧૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ફુંકાઇ રહેલા ઉત્તર-પૂર્વનાં પવનોનાં કારણે ગઇકાલથી ઠેર ઠેર ઠંડીનો પારો ગગડવા લાગ્યો છે અને શિત લહેરો વચ્ચે ઠારનો અનુભવ થવા લાગ્યો છે. ખાસ કરીને આજરોજ સવારે નલિયા અને અમરેલી ખાતે તિવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. નલિયામાં ચાલુ સિઝનમાં પ્રથમવાર ૧૦.૮ ડિગ્રી અને અમરેલી ખાતે ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થવા પામેલ છે. ત્યારે અમરેલીમાં આજે સૌ પ્રથમ વખત તાપમાન ૧૧-૪ ડિગ્રી જેટલું નીચે આવી જતાં લોકોએ પ્રથમ વખત આજે ચાલું શિયાળામાં ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

આજે સવાર સવારમાં બાળકો તથા યુવાનો સ્કૂલ કોલેજ જતા હતાં ત્યારે આજની ગુલાબી ઠંડીમાં નવા નવા રંગબેરંગી ગરમ કપડાં પહેરી સ્કૂલ જવા જોતાં મળ્યા હતા. તો બીજી તરફ સવારે મોર્નિંગ વોકમાં નીકળેલા લોકોએ પણ શિયાળાની પ્રથમ ઠંડીની મોજ માણતા જોવા મળ્યા હતા.

આજની તારીખે અમરેલીનું લઘુતમ ૧૧-૪ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે ગીરકાંઠાના ધારી ગામે ૧૪ ડીગ્રી નોંધાયું છે. હજુ તો ઠંડીની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે ચાલું શિયાળાનો અસલી રંગ હવે પછી જોવા મળશે.

આ ઉપરાંત આજે જામનગર અને ડિસામાં ૧૩ તથા વડોદરા-ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી અને રાજકોટ તથા પોરબંદર શહેરમાં ૧૪ ડિગ્રી સાથે તિવ્ર ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. તથા અમદાવાદમાં ૧૪.૮, ભાવનગરમાં ૧૫.૯, ભુજમાં ૧૫.૨, દમણમાં ૧૮.૨, દિવમાં ૧૫.૬, દ્વારકામાં ૧૯.૫, કંડલામાં ૧૬.૧, સુરતમાં ૧૯.૪ અને વેરાવળમાં ૧૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉપરાંત જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ડિગ્રીએ પારો ગગડતા તાપમાન ૧૩.૫ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં પણ વધારો થયો છે.શહેરીજનો ગરમ વસ્ત્રો અને તાપણાનો સહારો શરૂ કરી દીધો હતો. સુસવાટા મારતા ૪.૬ કિમિ ઝડપે પવન ફૂંકાતા શિયાળામાં પ્રથમવાર આકરી ઠડીએ મિજાજ બતાવવાનો પ્રારંભ કરી દીધો હતો.

હવામાન વિભાગમાંથી મળતી વિગત મુજબ જામનગરમાં ઠંડીનો ધીમે ધીમે વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ચાર દિવસ તાપમાન સ્થિર થયા બાદ લઘુત્તમ તાપમાનનો પારો અડધો ડિગ્રી ગગળ્યો છે.

જેથી લઘુત્તમ તાપમાનો પારો ૧૩.૫ ડિગ્રી નોંધાયો છે. તો મહત્તમ તાપમાનનો પારો ૩૦.૮ ડિગ્રી રહ્યું છે. તો ભેજનું પ્રમાણ ૫૫ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાકના ૪.૬ કિલો મીટરની રહેવા પામી હતી.

# ભારતમાં ૧૫ વર્ષ બાદ દક્ષિણ આફ્રિકાએ ટેસ્ટ વિજય હાંસલ કર્યો



**મુખ્ય સમાચાર, કોલકાતા**

ઇડન ગાર્ડન્સ ટેસ્ટ મફેચની પહેલી ઈનિંગ દરમિયાન, જ્યારે તૈયબા બાવુમા બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે એક ભારતીય ખેલાડીએ તેમના નાના કદનો ઉલ્લેખ કરતા અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો.

આ ટિપ્પણી સ્ટમ્પ માઇક દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી. જોકે, દક્ષિણ આફ્રિકાના આ નાના કેપ્ટને બીજી ઈનિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું, ૫૫ (૧૩૬ બોલ, ૪ ચોગ્ગા) રન બનાવ્યા. આ ઈનિંગ ટીમની જીતમાં નિર્ણાયક સાબિત થઈ.

આ વિજય સાથે, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાએ ૧૫ વર્ષમાં પહેલી વાર ભારતમાં ટેસ્ટ મેચમાં ભારતને હરાવ્યું. ૧૨૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારત બીજા દાવમાં ફક્ત ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના કારણે દક્ષિણ આફ્રિકા ૩૦ રનથી મેચ જીતી શક્યું. પ્લેયર ઓફ ધ મેચ સિમોન હાર્મરે પોતાની ઓફ-ફિલ્ડ બોલિંગથી આઠ વિકેટ અને ત્રણ કેચ લીધા.

મુખ્ય સમાચાર સાંધ્ય દૈનિક


# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીરૂપે ૭૮- જામનગર વિધાનસભા મતવિસ્તારની એકતા યાત્રા યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીરૂપે ૭૮-જામનગર વિધાનસભા મતવિસ્તારની એકતા યાત્રા યોજાઈ હતી. પ્રારંભ સ્થળ ખાતે મેયરએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા કાર્યક્રમના અધ્યક્ષ રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ પ્રસંગને અનુરૂપ પ્રવચન તેમજ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પીને યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આરંભ સ્થળે મંત્રી.અને મહાનુભાવોએ વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને કીટ આપીને સન્માન્યા હતાં.મંત્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે,આ યાત્રા કોઈ યાત્રા નહીં પણ એક રાષ્ટ્રપ્રેમી મહાન વિભૂતિને અંજલિરૂપ છે. સરદાર પટેલનું જીવન રાષ્ટ્રપ્રેમ, દયા, સાહસ વગેરે ગુણોની પ્રેરણાઓ આપે છે. તેમણે કરેલા કાર્યો તેમના સામર્થ્ય અને ઉર્જાસભર નેતૃત્વનો પરિચય આપે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપી, એકતા દિવસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો અને સરદાર પટેલને સન્માન આપ્યું છે.

યાત્રાનો પ્રારંભ જામનગર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ગાંધીનગર મેઈન રોડથી થયો હતો. શહેરમાં પટેલ કોલોની, વિકાસગૃહ, ડી.કે.વી. સર્કલ, ગુરુ દત્તાત્રેય રોડ, સાંસદ નિવાસસ્થાન, વાલકેશ્વરી નગરી, ગુરુદ્વારા સર્કલ, મહારાણા પ્રતાપ સ્ટેચ્યુથી થઈને લાલ બંગલો સર્કલ પાસે આ યાત્રા વિરામ પામી હતી. વિવિધ સ્થળોએ અલગ અલગ સમુદાયો દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ,ડો.સાહેબ આંબેડકર સ્ટેચ્યુ ખાતે મહાનુભાવોએ પ્રતિમાઓને ફુલહાર કર્યા હતા.આ એકતા પદયાત્રામાં શાળાના આચાર્ય, શિક્ષકો, વિવિધ સમાજના અગ્રણીઓ અને લોકો, સંરક્ષક દળોના જવાનો, વિદ્યાર્થીઓ અને અગ્રણી નાગરિકો સહભાગી બન્યા હતા. તિરંગા સાથે લઈને, રાષ્ટ્રભક્તિસભર ગીતો સાથે, રંગેચંગે એકતાયાત્રા નગરના રાજમાર્ગો પરથી પસાર થઈ હતી.

યાત્રામાં અગ્રણી બીનાબેન કોઠારી, કમિશનર ડી.એન.મોદી, પ્રાંત અધિકારી અદિતિ, અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉનાના ઉમેજ ગામે ડુંગળીના પાકમાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થતા ખેડૂત રોટાવેટર ફેરવવા મજબૂર

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકામાં કોમોસમી વરસાદને કારણે અનેક ખેડૂતોના પાકને નુકસાન થયું છે જેને કારણે ખેડૂતને ભારે નુકસાની વેઠવી પડી છે મગફળી ડુંગરી જેવા અનેક પાકોમાં નુકસાની થયું છે ત્યારે તાલુકાના ઉમેજ ગામે રહેતા ખેડૂત જાફરભાઈ અબ્દેરેમાન ભાઈ ઉનડ જામ પોતાના ખેતરમાં ભારે વરસાદ ડુંગળીનો પાક નુકસાન થતા તેઓએ ઊભી ડુંગળી માં રોટોવેટર મારી દીધું છે ખેડૂતને ભારે નુકસાની થઈ છે તાલુકામાં કમોસમી વરસાદના કારણે ડુંગળીના પાકમાં મોટું નુકસાન થતા ખેડૂતોએ ડુંગળીના ઉભા પાક પર રોટોવેટર ફેરવવાનું શરૂ કરી દીધુ અને. ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો કહે છે કે, તેમને આ વરસાદને કારણે ખુબ મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે જ્યારે એક વિઘો ડુંગળી પાછળ ખેડૂતોએ ૨૦થી ૨૫ હજારનો ખર્ચ કરવો પડે છે, જેની સામે હાલમાં નબળી ડુંગળીના એક મણના ૭૦થી ૮૦ રૂપિયા અને સારી ડુંગળીના ૧૦૦થી ૧૫૦ રૂપિયા ભાવ (સરેરાશ રૂ.૧૧૦) છે, જે જોતાં તેમને જો વીઘાદીઠ ૨૦૦ મણનું ઉત્પાદન હોય તો ખર્ચ બાદ કરતાં હાથમાં લગભગ કશું બચતું નથી. મહેનતકશ કિસાનોની અપેક્ષા હોય છે કે જો મણદીઠ રૂ.૩૦૦ સરેરાશ ભાવ મળે તો તેમને વીઘાદીઠ રૂ. ૬૦ હજાર જેવી રકમ મળી રહે અને ખર્ચ બાદ કરતાં વીઘાદીઠ ત્રીસેક હજાર રુપિયા તેમના હાથમાં આવે, જે તેમની મહેનત સાપેક્ષ પૂરતા કહી શકાય. પણ આ ભારે વરસાદને કારણે ખેડૂતો ઉભા પાકને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ત્યારે ખેડૂત પર દેવું થઈ જાય છે અને ખેડૂત મરવા મજબૂર થઈ જાય છે ખેડૂતને વહેલી તકે સહાય મળે તેવી ખેડૂતોની માંગ છે

# જામનગરના પસાયા ગામની સીમમાં બાવળની ઝાડીમાં બાઈક ચોરી સંતાડી રહેલા તસ્કરને પોલીસે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી તાજેતરમાં એક મોટરસાયકલ ચોરી થઈ ગયું હતું, જે અંગે જામનગરના પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં બાઈક ચોરી અંગેની પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી અને પોલીસ ટુકડી બાઈક ચોરને શોધી રહી હતી.જે દરમિયાન પસાયા ગામની સીમમાં બાવળની ઝાળીમાં પેરવી કરી રહ્યો છે, તેવી બાતમીના આધારે પંચકોશી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન મૂળ દાહોદના વતની અને હાલ પસાયા ગામની સીમમાં એક પટેલ ખેડૂતની વાડીમાં ખેત મજૂરી કામ કરતા મહેન્દ્ર કનુભાઈ નીનામા નામના ભીલ જ્ઞાતિના શખ્સને અટકાયતમાં લઈ લીધો હતો, અને તેની પાસેથી બે ચોરાઉ મોટરસાયકલ કબજે કર્યા હતા.જે બન્ને બાઈક તેણે બાવળની ઝાડીમાં સંતાડેલા હતા. જેમાં એક બાઈક કે જે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકના એરિયામાંથી ચોરી થયું હતું, જ્યારે બીજું બાઈક અમદાવાદમાંથી ચોરી કરી લીધું હોવાનું કબૂલ્યું છે. જેની પોલીસ દ્વારા ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# જામનગર શહેરમાં કારમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી પકડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં જુના રેલ્વે સ્ટેશન વિસ્તારમાંથી એલસીબીની ટુકડી એક કારમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સોને ઝડપી લીધા છે, અને કાર અને ઈંગ્લિશ દારૂ વગેરે કબજે કર્યા છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જુના રેલવે સ્ટેશન વિસ્તારમાંથી એક કારમાં ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે, જેથી ગઈ રાત્રે એલસીબીની ટુકડીએ વોચ ગોઠવી હતી, જે દરમિયાન એક કાર ત્યાંથી પસાર થતાં તેને અટકાવીને તલાસી લીધી હતી.જે તલાસી દરમિયાન કારમાંથી ૯૨ નંગ નાની ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર અને દારૂ સહિત રૂપિયા ૪,૧૯,૨૦૦ ની માલમતા કબજે કરી લીધી છે, જ્યારે કારમાં બેઠેલા ચંગા ગામના સંદીપસિંહ દિલીપસિંહ પિંગળ તેમજ જામનગરના બ્રિજરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાની અટકાયત કરી લઈ તેઓ સામે દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

# ઉનામાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ્ હસ્તે ઘાસ વિતરણનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



તાજેતરમાં કમોસમી વરસાદ અને માવઠાના કારણે મૂંગા પશુઓ માલઢોર નો ચારો પણ પલળીને નાશ પામ્યો હતો. જેથી ગુજરાત સરકારએ તાકીદે સરકારી ગોડાઉનમાંથી પશુપાલકોને ઘાસ વિતરણ ની શરૂઆત કરી દીધેલ હતી. જે અન્વયે ઉના તાલુકામાં પશુપાલકો-ખેડૂતો એ ઉના થી ૨૭ કિ.મી દૂર રબારીકા ગામે ઘાસ લેવા જવું પડતું હતું. આ વાત ધારાસભ્ય કાળુભાઈના ધ્યાને આવતા તેઓએ તુરંત જિલ્લા કલેકટર અને વહીવટી તંત્રને રજૂઆત કરી ઉના શહેર માજ ઘાસ વિતરણની વ્યવસ્થા કરવા જણાવેલ હતું જેના ફળ સ્વરૂપે આજરોજ ૧૬ નવેમ્બર ને રવિવાર થી ઉના શહેરમાં ગીર ગઢડા રોડ ઉપર આવેલ ચંદુભાઈ કોટેચાનાં કાકા ધીરજલાલ હરજીવનદાસ કોટેચાની માલિકીની જલારામ જીનીંગ ફેકટરીનાં ગ્રાઉન્ડમાં ઘાસ વિતરણનો શુભારંભ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તથા પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ચંદુભાઈ કોટેચાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતું સ્થાનિક કક્ષાએ ઘાસ વિતરણ શરૂ થતાં પશુપાલકોમાં આનંદની લાગણી ફેલાઇ છે.

# મોરબીના બેલા ખાતે રોડ રસ્તાના વિકાસ કાર્યના ખાતમુહૂર્તને લઈને સીરામીક ઉદ્યોગ તરફથી સરકારનો આભાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં મોરબીના બેલા (રંગપર) ખાતે રૂ.૫૯.૭૭ કરોડના માર્ગ અને મકાન વિભાગ તથા પંચાયત વિભાગના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થયું હતું. જેમાં ખોખરા-બેલા-પીપળી-જેતપર રોડ, જે સિરામિક ઉદ્યોગ માટે જીવદોરી સમાન છે, તેના કાર્યનું પ્રારંભ પણ કરવામાં આવ્યું હતું. ત્યારે સીરામિક ઉદ્યોગ વતી મનોજ એરવાડિયાએ મુખ્યમંત્રી, રાજ્ય સરકાર અને કાંતિભાઈ અમૃતિયાનો આભાર વ્યક્ત કર્યો છે.

ગત તા. ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ મોરબીના બેલા (રંગપર) ખાતે મહત્વપૂર્ણ વિકાસ કાર્યનો પ્રારંભ થયો હતો. શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં માર્ગ અને મકાન વિભાગ તથા પંચાયત તેમજ સ્ટેટ હસ્તકના કુલ રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રોડ રસ્તાના પ્રોજેક્ટોના ખાતમુહૂર્ત વિધિનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. ત્યારે ખોખરા થી બેલા માર્ગ, જે સીધો પીપળી-જેતપર રસ્તા સાથે જોડાય છે, મોરબીના સીરામિક ઉદ્યોગ માટે જીવાદોરી સમાન છે. કાચો માલ, તૈયાર માલની હેરફેર અને હજારો કામદારોની અવરજવર માટે આ માર્ગ અત્યંત મહત્વનો હોવાથી ઉદ્યોગ ક્ષેત્રે આ કામની લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી હતી. રાજ્ય સરકારે માર્ગ વિકાસ માટે ઝડપી મંજૂરી આપી અને તંત્રોએ કાર્યની શરૂઆત માટે જરૂરી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરી. આ મહત્વપૂર્ણ નિર્ણયને લઈને સીરામિક ઉદ્યોગ જગતમાં હર્ષ અને સંતોષની લાગણી વ્યક્ત થઈ છે. સીરામિક ઉદ્યોગ વતી મનોજ એરવાડિયાએ આ ખાતમુહૂર્ત બાદ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ''આ રોડ-રસ્તાની મંજૂરી અને કાર્યાન્વયન માટે મુખ્યમંત્રી, રાજ્ય સરકારના વહીવટી તંત્ર તથા રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાનો અંતઃકરણપૂર્વક સૌનો આભાર વ્યક્ત કર્યો છે.

# બેડીમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી વિસ્તારમાં જાહેરમાં તીનપત્તી રમતા ચાર શખ્સને એલસીબીએ પકડી પાડ્યા હતા. પટમાંથી રોકડ, ત્રણ બાઈક, ત્રણ મોબાઈલ મળી કુલ રૂા.૨,૯૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.જામનગરના બેડી વિસ્તારમાં આવેલા સનીદેવ મંદિર પાસે ચોકમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી એલસીબીના અરજણભાઈ, મયુદીન, ઘનશ્યામ ડેરવાડીયાને મળતા પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો.આ સ્થળેથી શાંતિનગરની શેરી નં.૪માં રહેતા સુરૂભા શિવુભા ઝાલા, રાંદલનગરમાં રહેતા અરવિંદસિંહ બટુકસિંહ રાયજાદા, આનંદ કોલોનીમાં રહેતા બિમલભાઈ મનજીભાઈ ચનીયારા અને કાલાવડ તાલુકાના ખાનકોટડા ગામમાં જીવરાજભાઈ મોહનભાઈ ગલાણી નામના ચાર વ્યક્તિ તીનપત્તી રમતા મળી આવ્યા હતા. એલસીબીએ પટમાંથી રૂા.૭૨૪૦૦ રોકડા, ત્રણ મોબાઈલ, ત્રણ બાઈક મળી કુલ રૂા.૨,૯૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધાવ્યો છે.

# મોરબીમાં શિક્ષક બીએલઓના પ્રશ્નોને મુદ્દે મીડિયા સહકાર બદલ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આભાર વ્યક્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના શિક્ષક મિત્રો ઉપર વધી રહેલા કામના બોજ, અનુચિત વર્તન અને કામગીરીને કારણે શિક્ષણ ક્ષેત્રે પડી રહેલી અસર અંગે મીડિયા દ્વારા મુદ્દાને નિર્ભયપણે ઉજાગર કરવામાં આવ્યા બાદ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મોરબી જીલ્લાએ તમામ પ્રિન્ટ અને ડિજિટલ મીડિયા પ્રતિનિધિઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

મોરબી જીલ્લામાં કાર્યરત બીએલઓ મિત્રો જેમાં ખાસ કરીને શિક્ષકવર્ગ સરકારની વિવિધ કામગીરીઓ, ઓવરલોડેડ ઑનલાઈન પ્રક્રિયા, વધતા દબાણ અને અનુચિત વર્તન જેવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં કામગીરીની અસરના પગલે શિક્ષણ પર પડતી નકારાત્મક અસર, મહિલા કર્મચારીઓ સામે ઉભી થતી મુશ્કેલીઓ અને સુવિધાયુક્ત કાર્ય પરિસ્થિતિના અભાવ જેવા મુદ્દાઓ જીલ્લા સ્તરે ગંભીર ચર્ચાનો વિષય બન્યા છે. આ પરિસ્થિતિમાં શિક્ષક મિત્રોની વાચા બનીને, સમાજ, પ્રબંધન અને સંબંધિત અધિકારીઓ સુધી આ સમસ્યાઓને સ્પષ્ટ અને જવાબદાર રીતે પહોંચાડવામાં જીલ્લા સ્થિત પ્રિન્ટ અને ડિજિટલ મીડિયા હાઉસે મહત્વની ભૂમિકા ભજવી છે. છેલ્લા બે દિવસથી સતત પ્રકાશિત થઇ રહેલા સમાચારોએ ન્યાય, સન્માન અને યોગ્ય કાર્ય પરિસ્થિતિની માંગણીને વધુ મજબૂત બનાવી છે.

મીડિયાના આ નિષ્પક્ષ અને સંવેદનશીલ અભિગમને બિરદાવતાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મોરબી જીલ્લા દ્વારા નિવેદન આપ્યું કે મીડિયા દ્વારા કરવામાં આવેલી કામગીરી માત્ર સમાચાર સુધી મર્યાદિત નથી, પરંતુ એક સકારાત્મક પરિવર્તનના શરૂઆતનો પાયો છે. સંગઠને તમામ મીડિયા પ્રતિનિધિઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે ભવિષ્યમાં પણ સમાજહિત અને શિક્ષણક્ષેત્રના પ્રશ્નોમાં એવો જ સહકાર પ્રાપ્ત થતો રહેશે એવી અપેક્ષા છે.

# મોરબીમાં શહેર કોંગ્રેસ પ્રમુખના જન્મદિવસે નંદીઓની આત્માની શાંતિ માટે શાંતિ-હવનનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી નગરપાલિકા સમયે નંદી-ઘર કેસમાં થયેલા ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થા સામે અનેક રજૂઆતો છતાં કાર્યવાહી ન થતાં, મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખે આજરોજ તા.૧૭/૧૧ના પોતાના જન્મદિવસે નંદી-ઘર ખાતે મૃત્યુ પામેલ નંદીઓની આત્માની શાંતિ માટે શાંતિ-હવનનું આયોજન કર્યું છે.

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાના જન્મદિવસના શુભ અવસર ઉપર, નંદી-ઘર ખાતે મૃત્યુ પામેલ નંદીઓની આત્માની શાંતિ માટે વિશેષ શાંતિ-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞનું આયોજન નંદી-ઘર પ્રકરણમાં થયેલા ભ્રષ્ટાચાર, અવ્યવસ્થા અને વહીવટી બેદરકારી સામેના પ્રતીક રૂપે શહેર કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા નંદી-ઘર મામલે અનેક વખત રજૂઆતો, વિરોધ કાર્યક્રમો અને આંદોલનો કરવામાં આવ્યા હોવા છતાં, સંબંધિત તંત્ર દ્વારા કોઈ અસરકારક તપાસ હાથ ધરવામાં આવી નથી. શહેર કોંગ્રેસ પ્રમુખના જણાવ્યા મુજબ, નગરપાલિકા કાર્યકાળ દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર કારણે નંદી-ઘરમાં અનેક નંદીઓના મોત થયા, જે ગંભીર બેદરકારીનું પ્રતિબિંબ છે. આ પરિસ્થિતિમાં જનજાગૃતિ માટે, આજરોજ ૧૭/૧૧ના રોજ સવારે ૯.૩૦ કલાકે પંચાસર રોડ પર મામાદેવના મંદિરની બાજુમાં આવેલા નંદી-ઘર ખાતે શાંતિ-હવન યોજાશે. આ કાર્યક્રમમાં શહેરવાસીઓને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કાલાવડમાં ૧૫ વર્ષ પહેલાના ઘરફોડ ચોરીના ગુનાના ફરારી આરોપીને મુંબઈના ભાયંદરમાંથી ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લાના કાલાવડ ટાઉન પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૧માં ઘરફોડ ચોરીનો એક ગુનો નોંધવામાં આવ્યો હતો, તે ગુનામાં જામનગરના લાલવાડી આવાસ વિસ્તારમાં રહેતા ઝુબેર અબ્બાસભાઈ સમેજાને ફરારી જાહેર કરાયો હતો અને ઉપરોક્ત આરોપી છેલ્લા ૧૫ વર્ષથી નાસ્તો ફરતો રહ્યો હતો.ઉપરોક્ત આરોપી મુંબઈના ભાયંદર પંથકમાં સંતાયેલો છે તેવી ચોક્કસ બાતમીના આધારે જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે મુંબઈ પંથકમાં ધામા નાખ્યા હતા, અને ભાયંદરના કાશીગાંવ ખાતેથી આરોપી ઝુબેરને ઝડપી લેવાયો હતો, અને તેને જામનગર લઈ આવ્યા બાદ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવામાં આવ્યો છે.

# મોરબી SIR-2026 અંતર્ગત જીલ્લા ચૂંટણી અધિકારી વાંકાનેર મત વિસ્તારની રૂબરૂ મુલાકાતે

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ચૂંટણી પંચના આદેશ મુજબ SIR-૨૦૨૬ કાર્યક્રમ ચાલું છે. ત્યારે મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સ્વપિનલ ખરે એ વાંકાનેર વિધાનસભા વિસ્તારના અનેક ભાગોની મુલાકાત લઈને મતદાર યાદી સુધારણા કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બીએલઓ દ્વારા મતદારોને ૨૦૨૬ ની લાયકાતના સંદર્ભમાં ૨૦૦૨ની મતદારયાદીમાં નામ તપાસવામાં મદદ કરવામાં આવી રહી છે.

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર મોરબી જીલ્લાનાં ત્રણેય વિધાનસભા ક્ષેત્રો ૬૫-મોરબી, ૬૬-ટંકારા અને ૬૭-વાંકાનેર માં તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાત તારીખને ધ્યાનમાં રાખીને ખાસ સઘન સુધારણા(SIR)-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. મતદારયાદીના પારદર્શી અને ચોક્કસ સુધારણા માટે જીલ્લાભરમાં કાર્ય શરૂ થયું છે. આ કાર્યક્રમની પ્રગતિનું અવલોકન કરવા જીલ્લા ચૂંટણી અધિકારી તથા કલેકટર સ્વપિનલ ખરે એ તા.૧૬/૧૧ના રોજ ૬૭-વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગના વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ભાગ નં. ૮૨-વાંકાનેર-૨૦, ૮૩-વાંકાનેર-૨૧, ૮૪-વાંકાનેર-૨૨, ૮૫-વાંકાનેર-૨૩ સહિત ચંદ્રપુર, જોધપર, ગારીડા, ધરમનગર, કુવાડવા, આણંદપર અને માધાપરના અનેક ભાગોને આવરી લેવામાં આવ્યા છે.

મતદાર યાદીની ચકાસણી દરમ્યાન બુથ લેવલ ઓફિસરોએ ઘરે-ઘરે જઈને મતદારોને તેમની ૨૦૦૨ મતદારની વિગતો ૨૦૨૬ની લાયકાત તારીખ હેઠળ મતદારયાદીમાં સાચી રીતે સમાવેશ થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને નવા મતદારોના નામ ઉમેરવા, સરનામા ફેરફાર તથા ખામીયુક્ત વિગતો સુધારવાનું કામ પ્રાથમિકતા પરથી કરવામાં આવી રહ્યું છે. જીલ્લા ચૂંટણી અધિકારી સ્વપિનલ ખરે એ SIR-૨૦૨૬ની પ્રક્રિયા સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે બીએલઓ સાથે ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# તા.૨૦થી ૪ દિવસ હઝરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીના ૨૪૯મા ઉર્ષ નિમિત્તે મેળો

## ધોરાજીમાં આખરે લોકમેળાના ગ્રાઉન્ડ માટે રૂ.૧૦ લાખનું ટેન્ડર ભરાતા મંજૂરી અપાઈ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી ખાતે હઝરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીનો ૨૪૯મા ઐતિહાસિક ઉર્ષના મેળાની શાનદાર ઉજવણીનો માર્ગ હવે મોકળો થયો છે. લોકમેળાના ગ્રાઉન્ડ માટે રૂ.૧૦ લાખનું ટેન્ડર ભરાતા તંત્ર દ્વારા મંજૂરી અપાઈ છે.

આગામી તા.૨૦થી ૪ દિવસ યોજાનાર ઉર્ષની ઉજવણી અંગે દરગાહ શરીફના ખાદીમ સૈયદ અઝીમ મિયા, સૈયદ શબ્બીર મિયા, સૈયદ ઈકબાલ મિયા, સૈયદ અમીન મિયા, સૈયદ અશરફ મિયા, સૈયદ રફીક મિયા અને મુસ્લિમ સમાજના આગેવાન અને નગર પાલિકા પૂર્વ પ્રમુખ કાસમ ભાઈ કુરેશી, જબ્બાર ભાઈ નાલબંધ અને લઘુમતી ભાજપના ઉપપ્રમુખ બોદું ચોહાણ લોક મેળા આયોજક ઈમરાન ભાઈ શમા, લોકોના મનોરંજન માટે વિવિધ સ્ટોલ, રાઈડ્સ રહેશે

ખ્વાજાસાહેબના ઉર્ષ શરીફ નિમિત્તે દરગાહ શરીફ ખાતે શીશ ઝુકાવવા આવતા દર્શર્થીઓથીના મનોરંજન માટે એક ભવ્ય લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રમકડા, જ્વેલરી, ખાણીપીણી કપડા, ઘરવપરાશની વસ્તુઓના સ્ટોલ મનોરંજન પૂરું પાડતા જાદુગરના ખેલ, વિવિધ પ્રકારની ચકડોળ અને બાળકો માટેની રાઈડ્સ સહિત અન્ય રાઈડ્સ જે લોકોના મનોરંજનનું કેન્દ્ર બનશે.

સૈયદ રફીક મિયા અને મુશીર ભાઈ માંજોઠીની ઉપસ્થિતિમાં ઉર્ષ મેળાની ઉજવણી અંગે બેઠક મળી હતી જેમાં ઉજવણી બાબતે ચર્ચા કરાઈ હતી. આ તકે દરગાહ શરીફના ખાદીમ દ્વારા જણાવેલ કે હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીનો ઉર્ષ નો મેળો જે માત્ર મેળો નહી પરંતુ ભારતભરમાં કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડતું આ મહોત્સવ છે અહીંયા ઉર્ષ મેળા દરમ્યાન ભારતભરના વિવિધ રાજ્યમાંથી હિન્દુમુસ્લિમો શીશ ઝુકાવવા આવી પહોંચે છે અને પોતાની મનોકામનાઓ પૂર્ણ કરતા હોય છે. વધુમાં જણાવેલ કે તા.૨૦ નવેમ્બર ગુરુવારે બપોરે ૩ કલાકે તમામ ખાદીમે દરગાહની ઉપસ્થિતિમાં વિશાળ સંદલ નિકળશે જેમ વિશ્વ પ્રખ્યાત જાંબુરના સીદીબાદશાહનું નૃત્ય આકર્ષણનું કેન્દ્ર બનશે અને સંદલ શરીફ રાત્રે૮ કલાકે દરગાહ શરીફ ખાતે પૂર્ણ થશે તા. ૨૪ને સોમવારે સવારે ૪ કલાકે દરગાહ શરીને ગુસ્લ શરીફ અને સવારે ૮ કલાકે કુલની રસમ સાથે ઉર્ષના મેળાની પૂર્ણાહુતિ થશે.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના અલગ-અલગ ત્રણ બનાવો નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં એક જ દિવસમાં ત્રણ જુદા જુદા સ્થળે બનેલા અપમૃત્યુના બનાવમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં સનારીયા ગામ કંપની લગધીરપુર રોડ ઘુંટુ રહેતા મોહીતભાઈ રાજુભાઈ વર્મા ઉવ.૨૧ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ લેતાં તેનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજ્યું હતું. મૃતકની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

અપમૃત્યુના બીજા બનાવમાં માળીયા(મી) તાલુકાના રોહીશાળા ગામની સીમમાં રહેશભાઉની વાડીએ રહેતા મૂળ છોટાઉદેપુર જીલ્લાના વજીપૂર ગામના વતની વાણસીબેન જેન્તિભાઈ નાયક ઉવ.૧૬ નામની સગીરાએ કોઈ અગમ્ય કારણોસર તા.૦૪/૧૧ રોજ વાડીએ ઝેરી દવા પી લેતા, પ્રાથમિક સારવાર જેતપર બાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં સારવાર દરમિયાન તા.૧૫/૧૧ના રોજ તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે માળીયા(મી) પોલીસે આ.મોતની નોંધ કરી છે.

જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, મોરબીના લાલપર ગામની સીમમાં આઇ.બી.ઇન્ડસ્ટ્રીઝના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ બિહારના ભેડીયા પોસ્ટના વતની જુમ્માદીન હજરતભાઈ બૈઠા ઉવ.૨૫ વાળા ગઈ તા.૧૧/૧૧ ના રોજ વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ સેપલ ટાઇલ્સના કારખાનામાં કીલનનું વેલ્ડિંગ કામ કરી રહ્યા હતા ત્યારે આશરે ૧૫ ફૂટ ઉપરથી નીચે પડી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. જેથી તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ૧૬ વર્ષીય સગીરાને લગ્નની લાલચે ભગાડી જનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા પરિવારની ૧૬ વર્ષીય સગીર વયની દીકરીને લગ્નની લાલચે બદકામ કરવાના આશ્રય સાથે ભગાડી જનાર વિરુદ્ધ ભોગ બનનારની માતા દ્વારા સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ પોકસો સહિત ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, મોરબી શહેરના વીસીપરા વિસ્તારમાં રહેતા પરિવારની સગીર વયની દીકરીને આરોપી રાજ ઉર્ફે ધુલો સવસીભાઈ કુવરીયા રહે.ત્રાજપર મોરબી-૨ વાળો લલચાવી ફોસલાવી બદકામ કરવાના કે લગ્ન કરવાના ઈરાદે ફરિયાદીના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. ત્યારે હાલ પીડિતાની માતાની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે આરોપી સામે બીએનએસ તથા પોકસો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# કાગવડ ખાતે માં ખોડલનાં દર્શન કરી ધન્યતા અનુભવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

## માં ખોડલનાં ચરણોમાં શીશ ઝુકાવી પ્રજાજનોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા ખોડલધામ, કાગવડ ખાતે મા ખોડલના દર્શન કર્યા હતા. મા ખોડલનાં ચરણોમાં શીશ ઝુકાવી રાજ્યના પ્રજાજનોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા તેમણે ભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, મા ખોડલના દર્શન કરીને રાજ્યના પ્રજાજનો અને ખાસ તો કમોસમી વરસાદના કારણે હેરાન થયેલા ખેડૂતોના કલ્યાણ માટે પ્રાર્થના કરી છે. આ ખેડૂતો માટે સરકારે રાહત પેકેજ જાહેર કર્યું છે. મા ખોડલ સૌ ખેડૂતોને ફરી બેઠા થવાની હિંમત અને શક્તિ આપે, સૌનું કલ્યાણ થાય, સૌ નાગરિકોની મનોકામના અને સૌ યુવાનોના સપના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરું છું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે મા ખોડલના આ ધામ ખાતે રાષ્ટ્ર શક્તિ અને ધર્મ શક્તિ બેઉ એકસાથે અનુભવી શકાય છે. ધર્મશક્તિના ધામમાં રાષ્ટ્ર શક્તિને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. મધ્યમ વર્ગ અને સામાન્ય વર્ગ માટે વૈદિક લગ્ન શરૂ કરવામાં આવ્યા છે તે માટે નરેશભાઈ પટેલ અને તેમની ટીમે કરેલા પ્રયાસો સરાહનીય છે. વૈદિક પદ્ધતિ ખોટા ખર્ચ અને દેખાડા વગરની હોવાથી અને આર્થિક રીતે પરવડે તેવી હોવાથી દરેક સમાજે અપનાવવી જોઈએ.

મુલાકાતના આરંભે નાયબ મુખ્યમંત્રી ખોડલધામ ખાતે પહોંચ્યા ત્યારે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પોતાના સરળ અને મિલનસાર સ્વભાવનો અનુભવ કરાવતા સંઘવીએ મંદિર પરિસરની મુલાકાત લેતા દર્શનાર્થીઓને મળી તેમના ખબર અંતર પૂછ્યા હતા.

આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, દિનેશભાઈ બાંભરોલીયા, ભરતભાઈ બોઘરા, વી.પી.વૈષ્ણવ સહિતના અગ્રણીઓ તેમજ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા

# કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપની બેઠક યોજાઈ

## સમયસર સંકલન, નિયમિત મોકડ્રિલ અને સુરક્ષા નિયમોનું કડક પાલન ખૂબ મહત્વનું: ડૉ. ઓમ પ્રકાશ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપની બેઠક કલેક્ટર ઓફિસ ખાતે યોજવામાં આવી હતી. જિલ્લામાં આપત્તિ અને કેમિકલ એક્સિડન્ટની સ્થિતિમાં અસરકારક પ્રતિસાદ માટેની તૈયારીઓને વધુ મજબૂત બનાવવા અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન નાયબ નિયામક તથા જિલ્લા ક્રાઇસિસ ગ્રુપના સભ્ય સચિવ એન. આર. ચૌધરી દ્વારા તમામ સભ્યોને જિલ્લાની ક્રાઇસિસ ગ્રુપની રચના, તેની જવાબદારીઓ અને કાર્યપ્રણાલી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે રાજકોટ જિલ્લામાં આવેલી મેજર એક્સિડેન્ટ હેઝાર્ડ (MAH) યુનિટ્સ વિશે માહિતી આપી અને તેમાંથી ઊભા થઈ શકે તેવા વિવિધ જોખમો અંગે માહિતગાર કર્યા હતા. તેમણે યુનિટ્સથી સંભવિત જોખમો, નજીકના વિસ્તાર પર તેની અસર, તેમજ ઓન-સાઈટ અને ઓફ-સાઈટ એમર્જન્સી પ્લાનની મહત્વતા સમજાવી હતી. ઉપરાંત, સંકટની સ્થિતિમાં વિભાગો વચ્ચેના સમન્વય, ઉપલબ્ધ સાધન-સામગ્રી અને અસરકારક પ્રતિસાદ માટેની કાર્યવાહી યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે સમયસર સંકલન, નિયમિત મોક ડ્રિલ અને સુરક્ષા નિયમોના કડક પાલનની અગત્યતા ઉપર ભાર મૂક્યો હતો.

બેઠકના અંતે જિલ્લામાં આપત્તી સુરક્ષા મજબૂત બનાવવાની, જાહેર જનતાનું રક્ષણ કરવાની અને કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની સંયુક્ત પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની જિલ્લાની વિવિધ શાળાઓમાં ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરમાં લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા તા.૧૦થી ૧૫ ઓક્ટોબર સુધી ગ્રામ જીવન પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રા અન્વયે રાજકોટ શહેરની સાધુ વાસવાણી સ્કુલ, જય કિશન સ્કુલ, ગાંધી જ્ઞાન મંદિર સ્કુલ, પી.એ. વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર-૯૩, ટી.એન.રાવ સ્કુલ સહિતની શાળાઓના વિદ્યાર્થીઓને સરદાર પટેલના જીવનના પ્રેરક પ્રસંગોથી અવગત કરવાયા હતા. તેમજ વંદે માતરમ્ ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં શાળાઓમાં રાષ્ટ્રગીત ગાવા માટે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા.

શાળાઓમાં સ્વદેશી વસ્તુઓને અપનાવવા ''સાદ કરે છે સ્વદેશી'' ગીતની ટૂંકી ફિલ્મ વિદ્યાર્થીઓએ બતાવવામાં આવી હતી. ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગ પ્રોફેસર પુનિતા, ગૃહમાતા દીપ્તિબેન, લાઈબ્રેરીયન ચિરાગભાઈની સાથે ગુજરાત વિદ્યાપીઠના ૨૭ વિદ્યાર્થીઓ રાજકોટ શહેર અને લોધિકા તથા પડધરી તાલુકાઓની શાળા-કોલેજમાં વંદે માતરમ ગીત ગવડાવે છે અને ગાંધી સરદારના આદર્શોને પુનઃસ્થાપિત કરવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરે છે.

# ખેલ મહાકુંભ અન્વયે અંડર ૧૪ પુરુષ ફૂટબોલ સ્પર્ધા યોજાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના યુવાનો રમતગમત ક્ષેત્રે અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકારના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેમાં યુવાનો વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઇ રહયા છે. જેના ભાગરૂપે હાલ, ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત અંડર ૧૪ પુરુષ ફૂટબોલ સ્પર્ધા રાજકોટ ખાતે યોજાઈ હતી. જેમાં રાજકોટની સેન્ટ પોલ સ્કુલના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંકે, એસ.એન.કે. બી સ્કુલના વિદ્યાર્થીઓ દ્વિતીય ક્રમાંકે અને સેન્ટ પૌલ બી સ્કુલના વિદ્યાર્થીઓ તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા.

# જામનગરના મકાનમાંથી દારૂની ૫૭૬ બોટલો સાથે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના શંકર ટેકરી સિદ્ધાર્થ નગર વિસ્તારમાં એક રહેણાક મકાનમાંથી સીટી સી ડિવિઝન પોલીસે ૫૭૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો માતબર જથ્થો કબજે કરી લઈને મકાન માલિકની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો સપ્લાયર કરનારનું નામ ખુલતા પોલીસે તેને ફરારી જાહેર કર્યો છે.શહેરના શંકર ટેકરી સિદ્ધાર્થ કોલોની શેરી નંબર -૨ માં રહેતા જીતેન્દ્ર ઉર્ફે પિન્ટુ દેવજીભાઈ પરમાર નામના શખસે પોતાના રહેણાક મકાનમાં ઈંગલિશ દારૂનો માતબર



જથ્થો વેચાણ માટે આયાત કર્યો હોવાની સીટી સી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી.જે બાતમીના આધારે પઉતારવામાં આવ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરાઈ રહ્યું છે.જે બાતમી ના આધારે પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન મકાનમાંથી કુલ ૫૭૬ ઈંગ્લિશ દારૂની બાટલી નો માતબર જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂ. ૧,૧૫,૨૦૦ની કિંમતનો ઇંગ્લીશ દારૂ કબજે કરીને મકાન માલિક જીતેન્દ્ર દેવજીભાઈ પરમાર ની અટકાયત કરી લીધી છે.પોલીસની પૂછપરછ દરમિયાન ઉપરોક્ત દારૂ નો જથ્થો જામનગરમાં રહેતા પ્રેમ ભદ્રા દ્વારા સપ્લાય કરાયો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરીને શોધખોળ હાથ ધરી છે. એસપી ડો.રવિમોહન સૈનીએ ચાર્જ સંભાળતા જ દારૂ, જુગાર ઉપર પોલીસે ધોંસ બોલાવી છે.

# ટંકારાના મેઘપર ઝાલા ગામે વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીનો પર્દાફાશ, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ ટીમે મેઘપર ઝાલા ગામની સીમમાં આવેલ વાડીમાં રેઇડ કરી હતી, જ્યાં ચાલતી ગેરકાયદેસર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઇ હતી. આ સાથે પોલીસે ગરમ-ઠંડો આથો તા૪૯ ભઠ્ઠી ચલાવવા ઉપયોગમાં લેવાતા સાધન સામગ્રી સાથે કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદ્દામાલ ઝડપી લીધો હતો, રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે તાલુકાના મેઘપર ઝાલા ગામની આથમણી વિસ્તારમાં આવેલ આરોપીના કબજાવાળી વાડીમાં દરોડો પાડ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી રવિરાજસિંહ અમરસિંહ ઝાલા રહે.મેઘપર ઝાલા વાળા પોતાના કબજાની વાડીમાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતો હોય જેથી તાત્કાલિક ઉપરોક્ત વાડીએ રેઇડ કરતા જ્યાંથી ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૧૮૦૦ લીટર કિ.રૂ.૩૬,૦૦૦/- તેમજ તૈયાર દેશી દારૂ ૪૦ લીટર કિ.રૂ. ૮,૦૦૦/- મળી આવ્યા હતા. સાથે સાથે પતરાના બેરલ, એલ્યુમીનીયમના બકડીયા, સ્ટીલના પાત્રો અને અન્ય ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રેઇડ દરમિયાન આરોપી રવીરાજસિંહ હાજર નહિ મળી આવતા તેની વિરુદ્ધ ટંકારા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગરના ફોરેસ્ટ અધિકારીના પત્ની અને બે બાળકોના મૃતદેહ મકાન પાસેથી મળી આવતા ખળભળાટ

## ૧૦ દિવસ પહેલા પત્ની અને બાળકો ગુમ થયાની ફરિયાદ ફોરેસ્ટ અધિકારીએ કરી હતીઃ પતિ શંકાના દાયરામાં



**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગરમાં શહેરમાંથી એક અત્યંત ચકચારી અને હચમચાવી દેનાર બનાવ સામે આવ્યો છે, જેણે સમગ્ર પંચકમાં ખળભરાટ મચાવી દીધો છે. શહેરના કાચના મંદિર સામે આવેલી ફોરેસ્ટ કોલોની નજીકથી એક ફોરેસ્ટ અધિકારીના પત્ની અને તેમના બે માસૂમ બાળકોના મૃતદેહો જમીનમાં દાટેલી હાલતમાં મળી આવ્યા છે. આ ત્રણેય છેલ્લા ૧૦ દિવસથી ગુમ હતા. અને આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેમાં તેઓ ઘરેથી સુરત જવાનું કહીને નીકળ્યા હતા અને ગુમ થયા હતા તેમ જણાવ્યું હતું. પરંતુ ફોરેસ્ટ અધિકારીના ઘર નજીકથી જ પરિવારના ત્રણેયના મૃતદેહો મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. બનાવ ની જાણ થતા પોલીસ અને ફોરેસ્ટ ખાતાનો ઉચ્ચ અધિકારીનો કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. દરમિયાન ફરિયાદી પતિ જ શંકા ના દાયરસમાં હોવાનું જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું છે.

આ બનાવની મળતી વિગતો મુજબ ભાવનગર ના ફોરેસ્ટ અધિકારી શૈલેષભાઈ ખાંભલીયા ના પત્ની નયનાબેન શૈલેષભાઈ રબારી ઉ.વ. ૪૦ અને તેમના બે બાળકો, દીકરી પૃથા શૈલેષભાઈ રબારી ઉં.વ.૧૩ રઅને દીકરો ભવ્ય રશૈલેષભાઈ રબારી ઉ. વ. ૯ છેલ્લા ૧૦ દિવસથી લાપતા હતા. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી રહી હતી. આ અંગે ગત તારીખ ૫ નવેમ્બરના રોજ ફોરેસ્ટ અધિકારી શૈલેષભાઈ ખાંભલીયા એ ભરતનગર પોલીસ સ્ટેશનમાં તેની પત્ની અને બે બાળકો સુરત જવા ગયા હતા પરંતુ સુરત પહોંચ્યા નથી અને ગુમ થયા છે તેવી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બે દિવસ પહેલા રબારી સમાજના આગેવાનો એ જિલ્લા પોલીસ વડાને આ અંગે રજૂઆત પણ કરી હતી. પોલીસે આ અંગે પુછપરછ કરતી પોલીસ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન રવિવારે પોલીસને ફોરેસ્ટ કોલોની નજીકની જમીનમાંથી દુર્ગંધ આવતી હોવાની બાતમી મળી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને શંકારપદ જગ્યાએ ખોદકામ કરતાં ત્યાંથી એક પછી એક ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા, જે કોહવાઈ ગયેલી હાલતમાં હતા. મૃતદેહોની ઓળખ ગુમ થયેલ. ફોરેસ્ટ અધિકારીના પરિવારજનો નયનાબેન રબારી અને તેમના બે બાળકો પૃષા અને ભવ્ય હોવાનું ખુલતા પોલીસ અધિકારીઓ પણ ચોકી ઉઠપા હતા. આ અંગે પોલીસે હોરેસ્ટ વિભાગને જાણ કરતા ફોરેસ્ટ ખાતા ના અધિકારીઓ પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા.

# જામનગર પટેલ કોલોનીમાં મહિલાની દુકાનમાં બે શખ્સોનો હંગામો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પટેલ કોલોની શેરી નં. ૩માં ગેલેરીયા કોમ્પ્લેક્ષ ખાતે મહિલાની દુકાનમાં બે શખ્સોએ ધોકા સાથે ઘસી આવી સાહેદ મહિલાને પગમાં માર માર્યો હતો તેમજ ધમકી દઇને નાશી ગયા હતા. જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં ગેલેરીયા કોમ્પલેક્ષમાં રેડીમેઇડ કાપડની દુકાન ચલાવતી પિન્કીબેન અવિનાશભાઈ સરકાર નામની બંગાળી વેપારી યુવતીએ પોતાની દુકાનમાં હંગામો મચાવી તોડફોડ કરવાની કોશિશ કરવા અંગે તેમજ સાથી મહિલા કર્મચારી ઉપર હુમલો કરવા અંગે મોસીન તથા દિવ્યરાજસિંહનામના બે શખ્સો સામે સીટી-બી ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી વેપારી મહિલાની દુકાન પાસે ઊભા રહીને આરોપી અપશબ્દો ઉચ્ચારતા હતા, જેથી તેને અપશબ્દો બોલવાની ના પાડી હતી, દરમ્યાન ફરીયાદી દુકાન બંધ કરતા હતા ત્યારે બંને આરોપી ધોકા સાથે દુકાનમાં ગેરકાયદે રીતે ઘસી આવ્યા હતા.આરોપીએ ધોકા વડે દુકાનનો કાચ તોડવાનો પ્રયત્ન કર્યો હતો, જે દરમિયાન દુકાનમાં કામ કરતાં દર્શાબેન નામના મહિલા વચ્ચે આવી જતાં તેના ઉપર હુમલો કરી દેવાયો હતો, અને ધાક ધમકી આપી નાશી ગયા હતા. દરમ્યાન ફરીયાદના આધારે સીટી-બી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા .૧૯/૧૧/૨૫ ને બુધવાર નાં રોજ ૫૩૦ કલાકે ''જનકાર કરાઓકે ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૦/૧૧/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એ. રફી મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૧/૧૧/૨૫ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રંગ તરંગ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તથા તા.૨૨/૧૧/૨૫ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''બ્રાહિમન્સ સિંગર ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૨૩/૧૧/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સુર સબ્દમ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી

આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, સલીમ ચાનીપા, અફઝલ રફીભાઈ, ડૉ.સુધીરસાદ, હિતેશ પંડ્યા, રેખાબેન ગઢિયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામનગરમાં યુવાન વ્યાજખોરની ચુંગાલમાં ફસાયો

## વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખોજા ગેઈટ વિસ્તારમાં રહેતા સબીર હુસેનભાઈ હમીરકા નામના ૪૨ વર્ષના યુવાને પોતાની પાસેથી પાંચ ટકા જેવુ રાક્ષસી વ્યાજ વસુલી પોતાને ધાક ધમકી આપી જમીનના દસ્તાવેજો બળજબરીપૂર્વક પડાવી લેવા અંગે તેમ જ પોતાની પાસેથી ૧૫ લાખની માંગણી કરવા અંગે જામનગર તાલુકાના મસીતીયા ગામમાં રહેતા હાજી હમીરભાઈ ખફી સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાને આરોપી પાસેથી ૧૦ લાખ રૂપિયા પાંચ ટકા લેખે વ્યાજ ઉપર લીધા હતા, અને ૫૦,૦૦૦ નું વ્યાજ પણ ચૂકવી દીધું હતું. દરમિયાન આરોપીએ બળજબરીપૂર્વક પોતાની જમીનના દસ્તાવેજો પડાવીને કેટલાક પેપરોમાં સહી કરાવી લીધાની તેમજ પોતાને ધાકધમકી આપી વધુ ૧૫ લાખ રૂપિયાની માંગણી કર્યાની ફરિયાદ સિટી એ.ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે વ્યાજખોર હાજી ખફી સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સ્પાની આડમાં દેહ વેપાર ચલાવતા માલીક-ગ્રાહક સહીત ૪ ઝડપાયા

## જીવરાજ પાર્કમાં કેન્વાસ સ્પામાં એન્ટી હ્યુમન ટ્રાફિકીગની ટીમનો દરોડોઃ ચાર રાજ્યની રૂપલલના રાખી ગ્રાહકો પાસેથી પાંચ હજાર લેતા હતા,વધુ બેની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવરાજ પાર્ક પાસેના સીટી કાલાસીક કોમ્પ્લેક્ષમાં કેન્વાસ સ્પામાં દેહ વેપાર ચાલતો હોવાની જાણ થતા એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોવોર્ડએ દરોડો પાડી ગ્રાહક,માલીક સહીત ચાર શખસોને ઝડપી લઈ તપાસ કરતા ચાર રાજ્યની રૂપલલનાને રાખી ગ્રાહકો પાસેથી પાંચ હજાર લેતા હોવાનુ બહાર આવતા પોલીસે માલીક રીસેપનીસ્ટ,હાઉસકીપર અને ગ્રાહક સહીતના સામે ગુનો નોધી તેની ધરપકડ કરી તેની પાસેથી રોકડ-ચાર મોબાઈલ સહીત રૂ.૩૩ હજારની મતા કબજે કરી હતી.

આ અંગેની પોલીસ સત્રોના જણાવ્યા મુજબ જીવરાજ પાર્ક પાસેના કેન્વાસ પાર્કમાં સ્પાની સાથે દેહ વેપાર પણ ચાલતો હોવાની માહીતીને આધારે પીઆઈ જનકાંત સહીતે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડયો હતો. પોલીસે માલીક મિલન દેવેન્દ્રભાઈ દવે, રીસેપનીસ્ટ અનીશા, હાઉસકીપર ગીરીશ કુમાર મીણા અને ગ્રાહક જામનગર રહેતો નીખીલ જમનભાઈ રાબડીયાની અટકાયત કરી હતી તેની સામે ગુનો નોધી આરોપીઓની પુછતાછ કરતા વધુ ભાગીદાર વિજય નાજાભાઈ ભુંડીયા અને સંચાલક થાનકી પાર્થ કિશોરભાઈની શોધખોળ કરી હતી. પોલીસની વધુ પુછતાછમાં સંચાલક થાનકી પાર્થ દિલ્હી,પંજાબ,હરીયાણા અને ગુજરાતની અલગ અલગ યુવતીઓ બોલાવી તેની પાસે દેહ વેપાર કરાવતા હતા અને ગ્રાહકો પાસેથી પાંચ હજાર લેતા અને યુવતીઓને ચાર હજાર આપતા હોવાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

બનાવમાં પોલીસે ડમી ગ્રાહક મોકલ્યો હતો અને દરોડો પાડતા વધુ એક જામનગરનો ગ્રાહક પણ પકડયો હોય સ્પાની આડમાં દેહવેપારનો ધંધો કેટલાક સમયથી ચાલતો હતો ? તેમજ હજુ આ ધંધામાં વધુ કોઈની સંડોવણી છે કે કેમ? તે સહીતની તપાસ હાથ ધરી છે.

# ધોરાજી ખાતે લેઉવા પટેલ જાગૃતિ મંડળ દ્વારા ૨૬મો સમૂહ લગ્ન મહોત્સવ યોજાશે

## રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ લેઉવા પટેલ કેળવણી મંડળ સંકુલ ખાતે આયોજન

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજી ખાતે લેઉઆ પટેલ જાગૃતિ મંડળની જે.પી.એગ્રો સેન્ટર, (જેતપુર રોડ) ખાતે કારોબારી સભ્યોની મીટીંગ મળેલ હતી. તેમાં સર્વાનુમતે આગામી તા.૧૦/૦૫ ને રવિવારના રોજ સવારે સમૂહ લગ્નોત્સવ લેઉઆ પટેલ કેળવણી મંડળ સંકુલ ખાતે યોજવામાં આવશે તેવુ નક્કી કરવામાં આવેલ છે. આ સમૂહ લગ્નોત્સવમાં ટોટલ ૪૧ દીકરા-દીકરીના લગ્ન કરાવામાં આવશે. અને જે દીકરીના મા-બાપની છત્રછાયા ગુમાવેલ હશે તેનો રજીસ્ટ્રેશન ચાર્જ લેવામાં આવેલ નહી.

લેઉઆ પટેલ જાગૃતી મંડળની સ્થાપના ૧૯૯૯થી આજ સુધીમાં સંસ્થા તરફથી ૭૩૫ દીકરીઓના લગ્ન આ સમૂહ લગ્નના અભિયાનમાં કરાવી આપવામાં આવેલ છે.

આજના મોંઘવારીના જમાનામાં લગ્ન પાછળ લખલુટ ખર્ચા તથા ખોટા રીતરિવાજ પાછળ સોનાના દાગીના તથા ફટાકડા, ડી.જે., જેવા અન્ય બીનજરૂરી ખર્ચા બચાવી શૈક્ષણિક તથા આર્થિક વિકાસ માટે ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. આ સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છતા દીકરી-દીકરાના વડીલોએ રજીસ્ટ્રેશન કરાવવા માટે મો.નં.૯૪૨૮૪ ૬૬૪૪ આપેલ છે.

# સમાચાર સંક્ષીપ્તમાં

## એ.જી.આર.- ૫૦ ટ્રેક્ટર સહાય યોજના માટે આઈ ખેડૂત પોર્ટલ ઉપર ખેડૂતોને ૨૯ નવેમ્બર સુધી અરજી કરવાની તક

ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ સાધનો ઉપલબ્ધ કરાવવા હેતુસર અમલમાં મુકવામાં આવેલી એ. જી. આર-૫૦ ટ્રેક્ટર સહાય યોજના હેઠળ ટ્રેક્ટર ઘટક હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ની અરજીઓ તા. ૨૯/૧૧/૨૦૨૫ સુધી દિન-૧૫ માટે આઈ ખેડૂત પોર્ટલ ઉપર સ્વીકારવામાં આવશે. રાજકોટ જિલ્લામાં જે ખેડૂતો ટ્રેક્ટર સહાય યોજનાનો લાભ લેવા માંગતા હોય તેમને સત્વરે જિલ્લા પંચાયત કચેરી, ખેતીવાડી શાખા, રાજકોટનો સંપર્ક સાધવાનો રહેશે.

## અપહૃત સગીરોની જાણકારી આપવા અંગે

રાજકોટના મહિકા પાટિયા, રાધિકા રેસિડેન્સી, શેરી નં.૦૨ના રહેવાસી ભાવનાબેન રાજેશભાઈ ડાંગરના સગીર વયના બે પુત્રોનું તા.૦૬/૧૧/૨૦૨૫ના રોજ રાત્રીના ૧૧.૩૦ વાગ્યે પોતાના ઘરની આસપાસના વિસ્તારમાંથી કોઈ અજાણ્યો ઇસમ ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. જો કોઈ પાસે આ અપહૃત સગીરો અંગે માહિતી હોય તો રાજકોટ આજી ડેમ પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ધોરાજી અને ઉપલેટામાં રોડના રીસર્ફેસિંગની કામગીરી હાથ ધરાઈ

હાલમાં પડેલા કમોસમી વરસાદ બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે માર્ગોને સત્વરે સુગમ બનાવવા માર્ગ અને મકાન વિભાગને સૂચના આપી છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગે માર્ગોના રીપેરીંગની કામગીરી પુરઝડપે કરવામાં આવી રહી છે. જેને પગલે ધોરાજીના ત્રણ દરવાજા મેઈન રોડ, મુખ્ય બજારો તથા ઉપલેટા શહેરના સોનલ નગર, વર્ધમાન નગર, આરાધના સોસાયટી, બી.એ.પી.એસ. મંદિર વિસ્તાર, ટોળીયા રોડ, ભાદર રોડ, શહીદ અર્જુન રોડ, સરદાર પટેલ રોડ સહિતના રોડના રીસર્ફેસિંગની કામગીરી કરવામાં આવી હતી. જેના લીધે રાહદારીઓ અને વાહનચાલકોને આવન-જાવનમાં સરળતા રહેશે. ઉપરાંત, ડીફેક્ટ લાયાબિલિટી પીરિયડ (DLP) વાળા રોડ માટે સંબંધિત એજન્સીને બ્લેકલિસ્ટની નોટિસ ઇસ્યુ કરી ૧૦ દિવસમાં તમામ નુકસાન થયેલા રોડને રિપેર તથા રીસર્ફેસ કરવા સૂચના આપવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સમેત શિખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પતિએ કરેલા ફાયરીંગમાં ઘવાયેલી પત્નીએ હોસ્પિટલના બિછાને દમ તોડયો

**રાજકોટમાં આડા સંબંધમાં ખેલાયેલા ખૂની ખેલમાં પતિ લાલજીના મોત બાદ પત્ની તૃષા પઢીયારનું પણ મોતઃ મૃતકના ભાઈ જય રાઠોડે કહ્યું કે, મારી બહેનને ભત્રીજા સાથે આડા સંબંધ નહોતા પણ મારાં બનેવીને પર સ્ત્રી સાથે અફેર હતું**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આડા સંબંધમાં ખેલાયેલા ખૂની ખેલમાં પતિ લાલજી બાદ પત્ની તૃષા પઢીયારનું પણ મોત નીપજ્યું હતું. શનિવારે વહેલી સવારે રાજકોટના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં સમેત શિખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં આ બનાવ બન્યો હતો. મૃતક તૃષાના ભાઈ જય રાઠોડે કહ્યું કે, મારી બહેનને ભત્રીજા સાથે આડા સંબંધ નહોતા પણ મારાં બનેવીને પર સ્ત્રી સાથે અફેર હતું.

બનાવના દિવસે ગાંધીગ્રામ પોલીસે મૃતક તૃષાબેનના પતિ જયભાઈ મુકેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૨, રહે. જીવરાજ પાર્ક, આદીત્ય બંગલો, નચીકેતા સ્કુલની પાસે, પટેલ ફરસાણ વાળી ગલી, રાજકોટ, મુળ રહે. ખોડપરા સુભાષચોક જેલની પાછળ જેતપુર)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા મોટા બેન કાજલબેન નિકુંજભાઈ મહેતા સાથે રહું છું અને મંગલમ લેબોરેટરીમાં નોકરી કં છું. મારે ત્રણ બહેનો છે.

જેમા મોટા બહેન તૃષાબેન લાલજીભાઈ પઢીયાર ત્યારબાદ કાજલબેન ત્યારબાદ રીનાબેન હીતેષભાઈ વડાલીયા છે. જે ત્રણેય પરીણીત છે. આશરે દોઢેક મહીના પહેલા મારી બેન તુષાબેનને તથા મારા બનેવી લાલજીભાઈને મારી બહેનને અન્ય કોઈ વ્યક્તિ સાથેના અફેર બાબતે ઝઘડો થયેલ હતો. ત્યારથી મારી બેન તેની બહેનપણી પુજાબેનની સાથે તેના જામનગર રોડ નાગેશ્વર સમેત શિખર એપાર્ટમેન્ટ ખાતેના ઘરે રહેતી હતી.

જેથી મારા બનેવી અવાર નવાર મને ફોન કરી તેના ઘરે બોલાવી મારી બેનને સમજાવવા કહેતા હતા. તા. ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાડા છ એક વાગ્યાની આસપાસ મારા બનેવી લાલજીભાઈનો મને ફોન કરી તેના ઘરે બોલાવતા હું ત્યા ગયેલ હતો અને રાત્રીના આશરે ૧૧ વાગ્યાની આસપાસ હું તથા મારો ભાણો ઓમ લાલજીભાઈ પઢીયાર મારી બેન સાથે વાત કરવા આ પુજાબેનના ઘરે ગયેલ હતા.

જ્યા મેં મારી બહેનને સમજાવેલ હતી કે, તમે બંને સામે સામે બેસીને જે કાઈ હોય તે બાબતે વાત કરી લ્યો. તેમ કહી મેં મારા બનેવીને ત્યાં બોલાવેલ હતા અને મારા બનેવી તથા મારી બેને એકબીજા સાથે વાતચીત કરેલ હતી, પરંતુ તેઓ વચ્ચે સમાધાન ન થતા અમો ત્રણેય ત્યાંથી જતા રહેલ હતા. અને અમો ત્રણેય એક જ રૂમમાં બધા સુઇ ગયા હતા.

બાદ વહેલી સવારે પાંચેક વાગ્યાની આસપાસ હું પાણી પીવા માટે જાગેલ હતો ત્યારે મારા બનેવી પોતાના મોબાઈલ ફોનમાં વ્યસ્ત હતા. જેથી મેં મારા બનેવીને પુછેલ કે, કેમ જાગો છો તો તેણે મને કહેલ કે, મને નિંદર આવતી નથી. તુ સુઈ જા. જેથી હું પાણી પીને સુઇ ગયેલ હતો. સવારે આશરે નવેક વાગ્યાની આસપાસ ઓમના મોબાઈલમાં સતત રીંગ વાગતી હતી અને કોઇ દરવાજો ખખડાવતા હતા.

જેથી ઓમે દરવાજો ખોલેલ ત્યારે અમારા બનેવીના એપાર્ટમેન્ટમા રહેતા મીનાબેને ઓમને કહેલ કે, તમારા મમ્મી - પપ્પા સામેના એપાર્ટમેન્ટની નિચે માથાકુટ કરે છે. તમે લોકો નિચે આવો જેથી હું તથા ઓમ અમો બંને સમેત શિખર એપાર્ટમેન્ટ ખાતે ગયેલ હતા. જ્યાં જતા ઘણા બધા માણસો ભેગા થયેલ હતા અને મારા બનેવી પાર્કીંગમાં નિચે જમીન પર લોહીથી લથબથ હાલતમાં પડેલ હતા. અને તેના માથામાંથી ખુબ લોહી વહી ગયેલ હતું.

મારા બનેવીના પગ પાસે પોતાના પરવાના વાળી પીસ્ટલ પડેલ હતી. અને ત્યાં હાજર લોકોને પુછપરછ કરતા મને જાણવા મળેલ કે, થોડી વાર પહેલા મારી બહેન તથા મારા બનેવી વચ્ચે ઝઘડો થયેલ હતો અને આ ઝઘડામા મારા બનેવીએ પ્રથમ પોતાની પાસેની પીસ્ટલથી મારી બેન ઉપર ફાયરીંગ કરતા મારી બહેન ઇજા થયેલ હાલતમાં નીચે પડી ગયેલ.

બાદ મારા બનેવીએ પોતે પોતાની જાતે પોતાની પાસેની પીસ્ટલથી માથામાં ગોળી મારતા માથામાં ઈજા થયેલ હોય, જેથી કોઈએ ૧૦૮ બોલાવેલ હોય જે ૧૦૮ વાળાએ મારા બનેવી મરણ ગયેલ હોવાનું જણાવેલ તથા મારી બેનને બેભાન હાલતમાં ૧૦૮ મા દવાખાને લઈ ગયેલ હોવાની વાત મને જાણવા મળેલ હતી. ત્યારબાદ મારી બહે નને પ્રથમ સિવિલ હોસ્પિટલ બાદ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હતી.

ગાંધીગ્રામ પોલીસે મૃતક લાલજી સામે હત્યા પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો. સ્ટર્લિંગ હોસ્પિટલમાંથી તૃષાબેનને ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતા. અહીં ચાલુ સારવારમાં આજે વહેલી સવારે ૪ વાગ્યાં આસપાસ તૃષાબેનનું મોત નીપજ્યું હતું. જેનું ફોરેન્સિક પીએમ થયું હતું. તૃષાબેનનું માવતર જેતપુર છે, તેણી ૩ બહેન અને ૧ ભાઈમાં મોટી હતી. બનાવથી પરિવારમાં શોક છ્વાયો હતો.

# સિવિલ હોસ્પિટલમાં આવારા તત્વોના ડેરા તંબુઃ એમ્બ્યુલન્સમાંથી દારૂની ખાલી બોટલો મળી

**હોસ્પિટલ કેમ્પસમાં લાંબા સમયથી પાર્ક કરેલી એક એમ્બ્યુલન્સમાંથી દારૂની ખાલી બોટલો, વપરાયેલા ગ્લાસ અને સિગારેટના ટૂકડા મળ્યા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ માંથી વાંધાજનક વસ્તુ મળી આવતા ફરી એકવાર રાજકોટ સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી છે.




રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે કારણ કે હોસ્પિટલ કેમ્પસમાં લાંબા સમયથી પાર્ક કરેલી એક એમ્બ્યુલન્સમાંથી દારૂની ખાલી બોટલો, વપરાયેલા ગ્લાસ અને સિગારેટના ટુકડા મળ્યા છે. આ ઘટના બહાર આવતા જ હોસ્પિટલના વહીવટી તંત્ર પર ગંભીર સવાલો ઊભા થયા છે. સૂત્રો અનુસાર, સંદિગ્ધ એમ્બ્યુલન્સનો કોઈ ઉપયોગ થતો ન હોવાથી તે કેમ્પસમાં જ ઊભી રાખવામાં આવતી હતી, પરંતુ તેની અંદર મળેલા પુરાવાઓ સૂચવે છે કે વાહનનો ઉપયોગ અનુચિત પ્રવૃત્તિઓ માટે થતો હતો.

આ મામલો જાહેર થતાં જ હોસ્પિટલ પ્રશાસને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડો. એમ.એસ. રોયે જણાવ્યું કે સમગ્ર પ્રકરણની તપાસ માટે કમિટી રચવામાં આવશે અને જવાબદાર સામે કડક કાર્યવાહી થશે. જો કોઈ સ્ટાફ એમ્બ્યુલન્સનો દારૂની પાર્ટી માટે ઉપયોગ કરતો હોવાનું બહાર આવશે તો તેની સામે પણ કડક પગલાં લેવાશે.

જીવન બચાવવા માટેની મહત્વપૂર્ણ એમ્બ્યુલન્સ સેવાનો આ રીતે દુરુપયોગ થવા સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં સપડાઈ છે. હોસ્પિટલની વહીવટી વ્યવસ્થાની ક્ષમતાને લઈને સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. લોકો માંગ કરી રહ્યા છે કે દોષિતો સામે કડક પગલાં લઈને હોસ્પિટલની સેવાઓમાં પારદર્શિતાને સુનિશ્ચિત કરવામાં આવે.હોસ્પિટલ પ્રશાસન મુજબ, તપાસ ચાલુ છે અને આવતા દિવસોમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

# જેતપુરમાં ડમ્પર ચાલકો બેફામ : બે અકસ્માત એકનું મોત,૯ લોકો ઘાયલ



મૃતક મહેન્દ્રભાઈ સરવૈયા



**તીનબતી ચોકમાં વૃદ્ધને કચડી ડમ્પર ચાલક ફરારઃ મૃતદેહને પી.એમ અર્થે ખસેડાયો**

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરમાં બેફામ દોડતા ડમ્પર ચાલકોએ એક જ દિવસમાં બે અલગ-અલગ ગંભીર અકસ્માતો સર્જ્યા હતા. શહેરના ભરચક તીનબતી ચોકમાં એક એક્ટિવા ચાલક વૃદ્ધનું ડમ્પરની અડફેટે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે જે તલસર ઓવરબ્રિજ પર અન્ય એક ડમ્પરે ઈકો કારને ટક્કર મારતા ૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.પ્રથમ દુઃખદ ઘટના શહેરના મુખ્ય ગણાતા તીનબતી ચોકમાં બની હતી. જૂનાગઢ રોડ પર ગોકુલનગર ખાતે રહેતા મહેન્દ્રભાઈ પરષોત્તમભાઈ સરવૈયા (ઉ.વ. ૬૦) આજે સવારે પોતાના એક્ટિવા પર તીનબતી ચોકમાંથી પસાર થઇ રહ્યા હતા. આ સમયે, પૂરપાટ ઝડપે ધસી આવેલા એક બેફામ ડમ્પર ચાલકે મહેન્દ્રભાઈના એક્ટિવાને જોરદાર અડફેટે લીધું હતું.અકસ્માત એટલો ભયાનક હતો કે મહેન્દ્રભાઈનું ઘટનાસ્થળે જ કચડાઈ જવાથી મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ડમ્પર ચાલક નાસી છૂટ્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. જેતપુર સિટી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો અને ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.અન્ય એક ગંભીર ઘટનામાં, જેતલસર ચોકડી પાસેના ઓવરબ્રિજ પર એક પરિવાર અકસ્માતનો ભોગ બન્યો હતો. જેમાં કોટડા સાંગાણી તાલુકાના નવાગામ રામપરા ગામનો એક પરિવાર ઈકો કાર (રજી. નંબર ૦૩ કખ ૬૧૦૫) માં સવાર થઈ જેતલસર ગામે પ્રસંગમાં જઈ રહ્યો હતો.જ્યારે તેમની ઈકો કાર ઓવરબ્રિજ પરથી નીચે ઉતરી રહી હતી, ત્યારે પાછળથી આવેલા રેતી ભરેલા અન્ય એક ડમ્પર ચાલકે ઈકો કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે ઈકો કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર મહિલાઓ અને બાળકો સહિત કુલ ૯ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તમામને તાત્કાલિક સારવાર માટે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.એક જ દિવસમાં ડમ્પર ચાલકો દ્વારા સર્જાયેલી બે ગંભીર અકસ્માતની ઘટનાઓને પગલે, જેતપુર પંથકમાં ભારે વાહનોની ગતિ પર અંકુશ લગાવવા તેમજ પોલીસ દ્વારા આવા બેફામ ચાલકો સામે કડક કાર્યવાહી કરી તાત્કાલિક તેમને ઝડપી પાડવા માટે પ્રબળ માંગ ઉઠી છે.

# અયોધ્યા ચોક પાસે બિલ્ડીંગ મટીરીયલના ધંધાર્થી પર પાંચ શખ્સોનો હિચકારો હુમલો

**આહિર ચોકમાં ચા પીવા બોલાવી યુવાનને રીક્ષા ચાલકે ધોકાવ્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર અયોધ્યા ચોક પાસે આવેલ સીનર્જી હોસ્પિટલ સામે જાહેરમાં ધંધાની હરીફાઇનો ખાર રાખી બિલ્ડીંગ મટીરીયલના ધંધાર્થી પર ધોકા અને બેટ વડે પાંચ શખ્સોએ હુમલો કરી ઇજા કરતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.



આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ પર રામેશ્વર હોલની પાછળ રૂક્ષ્મણી પાર્ક શેરી નં.૧માં રહેતો અને બિલ્ડીંગ મટીરીયલનો ધંધો કરતો પાર્થ ઉર્ફે સોનુ નીતીનભાઇ ફિચડીયા (ઉ.વ.૨૧) નામના સોની યુવાને ગાંધીગ્રામ પોલીસમાં મયુર શાંતિલાલ દેવાયતકા, પ્રવિણ ઉર્ફે કાનો મયુર દેવાયતકા, સન્ની કિરીટ દેવાયતકા, હિતેશ મોઢવાડીયા, કાનો ઓડેદરા સહિત પાંચ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે પોતે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સીનર્જી હોસ્પિટલ પાસે અયોધ્યા ચોક નજીક હતો ત્યારે ઉપરોકત શખ્સોએ ફોન કરી બોલાવી ધંધાની હરીફાઇનો ખાર રાખી યુવાનને ધોકા અને બેટ વડે બેફામ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે ગંભીર ઇજા કરી નાસી ગયા હતા. બનાવના પગલે પ્રોબેસ્નલ પીએસઆઇ ટી.ડી.જાડેજાએ ગુન્હો નોંધી હુમલા ખોરોની શોધખોળ આદરી છે.

જયારે બીજા બનાવમાં બાબરીયા કોલોનીમાં રહેતો અમન શિકન્દર કુરેશી નામનો યુવાનને પાડોસમાં રહેતો રાહીલ નામનો શખ્સ ફોન કરી આહિર ચોકમાં ચામુંડા હોટલે ચા પીવા બોલાવી બાદમાં કહેલ કે મારી રીક્ષા પોલીસમાં પકડાઇ ગઇ છે તું રીક્ષામાં સાથે હતો એટલે મારી રીક્ષા છોડાવી દે તેમ કહી ઝઘડો કરી પથ્થરના ઘા મારી માથાના ભાગે ઇજા કરી નાસી જતા ભક્તિનગર પોલીસમાં ફરીયાદ નોંધાયા બાદ હેડ કોન્સ. ભગીરથસિંહ ચુડાસમાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# લાઠીના જોગાણી-કેરાળા ગામે ગાંજાનું વાવેતર કરનાર આધેડની ધરપકડ



**૭૭.૯૩ લાખના ગાંજાનો જથ્થો જપ્ત**

**મુખ્ય સમાચાર, અમરેલી**

લાઠી તાલુકાના જોગાણી-કેરાળા ગામે આવેલ નવા પ્લોટ વિસ્તારમાં રહેતાં છનાભાઈ હરીભાઈ પંચાલા નામનાં ૫૦ વર્ષીય આધેડે ગેરકાયદે રીતે પોતે ભાગીયા તરીકે રાખેલ વાડી ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ હોય, જે લીલા ગાંજાના મુળ માટી સાથેના છોડ નંગ-૪૮ જેનું કુલ વજન-૧૫૫ કિલો ૮૬૫ ગ્રામ કિંમત રૂ.૭૭,૯૩,૨૫૦ ના મુદ્દામાલ સાથે ગત તા.૧૫ ના રોજ ૮/૩૦ લાઠી તાલુકાના કેરાળા ગામે હસમુખા હનુમાન મંદિર પાસે કેહુરભાઈ ઉર્ફે બાબુભાઈ (મીલેટ્રી વાળા)ના ખેતરમાંથી અમરેલી એસ.ઓ.જી.એ આરોપી છનાભાઈ હરીભાઈ પંચાલા ઝડપી લઈ પૂછપરછ હાથ ધરી હતી.

પૂછપરછ દરમિયાન તેમણે જણાવેલ હતું કે, પોતે ભાગીયા તરીકે રાખેલ વાડી ખેતર લીલા ગાંજાના છોડના ખાતે વાવેતર કરેલ હતું. પોતે વધુમાં જણાવેલ કે પોતે આશરે ત્રણેક વર્ષ પહેલા આ દેહુરભાઈ ઉર્ફે બાબુભાઈ કાળુભાઈ ડેરની માલીકીની વાડીખેતર ભાગીયા તરીકે કપાસના વાવેતર કરવા અર્થે રાખેલ હતી. અને શિવરાત્રીમાં જુનાગઢ ખાતે જઈ એક સંત પાસેથી ગાંજાના બિયારણ મેળવી આ વાડી ખેતરમાં વાવેતર કરેલ કપાસની આડમાં આશરે ૪૮ જેટલા નાના મોટા લીલા ગાંજાના છોડ વાવેલ હતા.

# છ મહિનાથી પતિથી અલગ રહેતી પરણિતાએ ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

**આપઘાતનું કારણ અકબંધઃ ઘટના અંગે જાણ થતાં અમદાવાદ સ્થિત માવતર દોડી આવ્યા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા ગામે ભાડે મકાનમાં રહેતી ૨૪ વર્ષીય પરણિતાએ ઘરે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. તેણી છ મહિનાથી પતિથી અલગ રહતી હતી ત્યારે બનાવ અંગે જાણ થતાં અમદાવાદ રહેતા માતા-પિતા રાજકોટ દોડી આવ્યા હતા.

આ અંગની વિગતો મુજબ, કોઠારીયા ગામ નજી સાંઈબાબા સર્કલ પાસે ભાડે મકાનમાં રહેતી ડોલીબેન અમિતભાઈ આચાર્ય નામની ૨૪ વર્ષી ય પરણિતાએ ઘરે પંખામાં હુકમ ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક ડોલીબેન ગોંડલ સાસરે હોય ત્યારે પતિ સાથે મનમેળ ન થતાં તેઓ રાજકોટ ભાડે રૂમ રાખી એકલા રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. તેણીના માવતર અમદાવાદ રહેતા હોય ત્યારે બનાવ અંગે પોલીસે જાણ કરતા તેઓ રાજકોટ દોડી આવ્યા હતા. વધુમાં ડોલી અને અમિતના છૂટાછેડા કરવાની હાલ કાર્યવાહી ચાલુ હોય ત્યારે તેણીએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.એચ ગોહિલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## શુભ એપાર્ટમેન્ટમાં મહિલાને આપઘાતની ફરજ પાડનાર બે શખ્સો વિરૂધ્ધ ગુન્હો દાખલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


અમદાવાદમાં આવેલ ન્યુ રાણી વિસ્તારમાં સનરિયલ હોમ ફલેટમાં રહેતા અને ગ્રાફિક ડિઝાઇનરનું કામ કરતા અભિષેક તુષાર વ્યાસ નામના વિપ્ર યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગોંડલ તાલુકાના હડમડીયા ગામનો અમીત ચંદ્રકાંત આચાર્ય અને જય મનોજ સોનાગ્રા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, કોઠારીયા મેઇન રોડ પર આવેલ નચીકેતા હિલ્સની સામે શુભ એપાર્ટમેન્ટના ફલેટ નંબર ૧૦૧માં ફરીયાદીની બહેન (ઉ.વ.૨૪)ને અમીત અને જયએ શારીરીક અને માનસીક દુઃખ-ત્રાસ આપી તેણીને મરવા માટે મજબૂર કરતા મહિલાએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હોય જેથી ભાઇએ ફરીયાદ નોંધાવતા આજીડેમ પોલીસ મથકના પીએસઆઇ એ.આર.રાઠોડે અમીત આચાર્ય અને જય સોનાગ્રા વિરૂધ્ધ આપઘાતની ફરજ પાડવા અંગેનો ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જસદણ તાલુકાના રાણીંગપર ગામે ખેતરમાં ગાંજાનું વાવેતર પકડાયું

**ગ્રામ્ય એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૭૧.૩૨ લાખના ગાંજાના લીલા છોડનો જથ્થો કબ્જે કર્યોઃ ખેડૂતની ધરપકડ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માદક પદાર્થના વાવેતર અંગે ગ્રામ્ય એલસીબીની ટીમે બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી જસદણ તાલુકાના રાણીંગપર ગામની સીમમાં આવેલ ખેતરમાં ગાંજાનું વાવેતર પકડી પાડી રૂ.૭૧.૩૨ લાખના ગાંજાના લીલા છોડના જથ્થા સાથે ખેડૂતની ધરપકડ કરવામાં આવી છે.



આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ કે.એમ.ચાવડા તથા હેડ કોન્સ. વિજયભાઇ વેગડ, ચંદુભાઇ પલાડીયા સહિતનો સ્ટાફ રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ હકિકત મળી હતી કે, જસદણના રાણીંગપર ગામનો રાયધન રત્ના સોમાણી નામના ખેડૂતે પોતાની વાડી-ખેતરમાં માદક પદાર્થ ગાંજાનું વાવેતર કર્યુ હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા ખેતરમાં વાવેલ ગાંજાના લીલા છોડ મળી આવ્યા હતા. પોલીસે કુલ ૧૪૨ કિલો ૬૪૦ ગ્રામ કિંમત રૂ.૭૧.૩૨ લાખના ગાંજાના લીલા છોડનું વાવેતર પકડી પાડયું હતું. પોલીસે ખેડૂત રાયધન રત્ના સોમાણીની ધરપકડ કરી એક મોબાઇલ સહિત ૭૧.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં ભાવી પત્નીની લગ્નના દિવસે જ કરપીણ હત્યા કરનાર સાજન ઝડપાયો

**મુખ્ય સમાચાર, ભાવનગર**



ભાવનગર શહેરના પ્રભુ દાસ તળાવ વિસ્તારમાં લગ્નના દિવસે જ લોખંડના પાઇપ ઝીંકી ભાવિ પત્ની ની કરપીણ હત્યા કરી નાસી છૂટેલા આરોપી સાજનને પોલીસે ઝડપી લીધો છે. ભાવનગર શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક રહેતી હિંમતભાઈ જીવાભાઈ રાઠોડ ની પુત્રી સોનીબેન ઉં. વ.૨૪ નામની યુવતીની સવારે લોખંડના પાઈપ ના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી તેનો ભાવિ પતિ સાજન બારૈયા નાસી છુટ્યો હતો. દરમિયાનરવિવારે પોલીસે હત્યા કરી નાખી છૂટેલા સાજન બારૈયા ને ઝડપી લીધો છે. મરનાર યુવતી અને આરોપી સાજન છેલ્લા ૮ મહિનાથી લિવ ઇન રિલેશનશિપ માં રહેતા હતા. ઘરના એ લગ્ન નક્કી કરતા તેના લગ્ન હતા. લગ્ન થાય તે પહેલા ભાવિ પત્ની સાથે ઝઘડો થતાં આવેશમાં આવી જઈ લોખંડના પાઈપ ઝીંકી હત્યા કરી નાખી હતી. આમ સોનીબેન ના મહેંદીનો લાલ રંગ લોહીના લાલ રંગમાં ફેરવાઈ ગયો હતો. આ બનાવે શહેરમાં ભારે ચર્ચા જગાવી હતી.

# 'હું બીમારીથી કંટાળી ગયો છું તેવું લખી વૃધ્ધનો આપઘાત

**ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને કોલેસ્ટોલ જેવી અનેક બીમારીઓથી ઘેરાયેલા વૃધ્ધે એસિડ પી જિંદગી ટૂંકાવી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલ જેવી અનેક બીમારીઓથી ઘેરાયેલા વૃધ્ધે સ્યુસાઈડ નોટમાં ''હું બીમારીથી કંટાળી ગયો છું તેવું લખીને એસિડ પી લેતા તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો. આ અંગેની વિગતો મુજબ નાનામોવા ન્યૂ ગાંધી સોસાયટી શેરી નં ૮ રહેતા ૬૨



વર્ષીય કિશોરભાઈ ભુરાભાઈ પાંભરે શનિવારે બપોરે ૧ વાગ્યા આસપાસ પોતાના ઘરે એસિડ પી લીધું હતું. બપોરના સમયે પરિવારના સભ્ય કિશોરભાઈના રૂમમાં જમવાનું આપવા ગયા ત્યારે તેઓએ પોતે એસિડ પી લીધું હોવાનું જણાવ્યું હતું જે હતું. જે બાદ તુરંત ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કિશોરભાઈએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી રહી. આ અંગે કિશોરભાઈના જમાઈ ભાવેશભાઈના જણાવ્યા મુજબ, કિશોરભાઈને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અને કોલેસ્ટ્રોલ જેવી બીમારીઓ હતી આ પગલું ભરતાં પહેલા તેઓએ એક સ્યુસાઈડ નોટ લખી હતી જેમાં હું બીમારીથી કંટાળી ગયો છું? તેવું લખ્યું હતું. વધુમાં કિશોરભાઈ હાલ નિવૃત જીવન જીવતાં હતા તેઓને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. બનાવથી પાંભર પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.